dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-344 | AD-2026, Bhadarva Sud-10 | Monday, Dt.21-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મોસ્કો પર થયેલા મોટા હુમલામાં તેલ રિફાઈનરી અને રહેણાંક મકાનોને ભારે નુકસાન

# યુક્રેને રશિયા પર ૧,૦૦૦થી વધુ ડ્રોન છોડ્યા : બેના મોત

કિવ, તા.૨૦

યુક્રેને રશિયા સામે ૧,૦૦૦થી વધુ ડ્રોનથી હુમલો કર્યો હોવાનું રશિયન અધિકારીઓને ટાંકીને એસોસિએટેડ પ્રેસ (એપી)ના અહેવાલમાં જણાવાયું છે. આ હુમલામાં રશિયાની રાજધાની મોસ્કોને પણ નિશાન બનાવવામાં આવી હતી. મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને આ હુમલાને રાજધાની પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો ગણાવ્યો હતો. હુમલામાં મોસ્કોની તેલ રિફાઈનરી અને એક રહેણાંક ઈમારતને નુકસાન થયું હોવાનું જણાવાયું છે.મોસ્કો પ્રદેશના ગવર્નર આન્દ્રે વોરોબ્યોવના જણાવ્યા અનુસાર, ડ્રોન હુમલામાં બે લોકોનાં મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં ૭૪ વર્ષીય પુરુષ અને ૪૪ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. હુમલા બાદ રામેન્સકોયે જિલ્લામાં ૨૧ માળની એપાર્ટમેન્ટ ઈમારતમાંથી લોકો સહિત કુલ ૪૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, જેમાં ૭૦ બાળકોનો સમાવેશ થાય છે. અનેક રહેણાંક મકાનોને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ સમગ્ર દેશમાં ૧,૧૦૦ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા. તેમાં ક્રિમીઆ અને કાળા સમુદ્ર ઉપર ઉડતા ડ્રોનનો પણ સમાવેશ થાય છે. મોસ્કોના મેયર સોબ્યાનિને જણાવ્યું હતું કે રાજધાની તરફ આવી રહેલા ૪૫૦ ડ્રોન નષ્ટ કરવામાં આવ્યા હતા. તેમના



જણાવ્યા મુજબ, મોસ્કોની તેલ રિફાઈનરી અને રહેણાંક ઈમારતને નુકસાન થયું છે. તેમણે આ હુમલાને 'અભૂતપૂર્વ' ગણાવીને કહ્યું હતું કે હુમલાનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાનો હતો.યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે હુમલામાં વિવિધ પ્રકારના ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં યુક્રેનમાં બનાવવામાં આવેલી ફ્લેમિંગો અને પેલિકન મિસાઈલોનો પણ સમાવેશ થતો હોવાનો તેમણે દાવો કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, હુમલામાં રશિયાની તેલ અને લોજિસ્ટિક્સ સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી અને તેનો હેતુ રશિયાની યુધ્ધ ક્ષમતાને આર્થિક નુકસાન પહોંચાડવાનો હતો.આ હુમલો રશિયાની સંસદીય ચૂંટણીના ત્રીજા અને અંતિમ દિવસે થયો હતો. રશિયામાં યુધ્ધ શરૂ થયા બાદ યોજાયેલી આ પ્રથમ યુધ્ધકાળની સંસદીય ચૂંટણી છે. ચૂંટણીમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નીતિઓનો વિરોધ કરતા વિપક્ષની હાજરી મર્યાદિત રહી છે. રશિયાએ યુક્રેનના કબજા હેઠળના હોવાનો દાવો કરેલા કેટલાક વિસ્તારો તેમજ ક્રિમીઆમાં પણ મતદાન યોજ્યું હતું, જેને યુક્રેને ગેરકાયદેસર ગણાવ્યું છે.

દરમિયાન, યુક્રેન અને રશિયા એકબીજાના ઊર્જા માળખાને નિશાન બનાવતા હુમલા ચાલુ રાખી રહ્યા છે. મોસ્કોમાં પ્રત્યક્ષદર્શીઓએ વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હતા અને તેલ રિફાઈનરી વિસ્તારમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. રિફાઈનરીને થયેલા નુકસાનની સંપૂર્ણ વિગતો તાત્કાલિક ઉપલબ્ધ થઈ નહોતી. યુક્રેનના હુમલાઓથી રશિયાની તેલ શુદ્ધિકરણ ક્ષમતાને અસર થઈ હોવાના અહેવાલો વચ્ચે કેટલાક વિસ્તારોમાં ઈંધણની અછત અને ભાવવધારો નોંધાયો છે.

# હિમાચલમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ૩૨૯નાં મોત, રૂ. ૩,૨૧૭ કરોડનું નુકસાન

શિમલા, તા.૨૦

હિમાચલ પ્રદેશમાં ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે જાનમાલને વ્યાપક નુકસાન થયું છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ૧૯ સપ્ટેમ્બર સુધીના અહેવાલ મુજબ, ૩૦ જૂનથી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન વરસાદ સંબંધિત વિવિધ આફતોમાં ૧૩૩ લોકોનાં મોત થયા છે, જ્યારે માર્ગ અકસ્માતોમાં ૧૯૬ લોકોનાં મોત નોંધાયા છે. આમ, ચોમાસા દરમિયાન કુલ ૩૨૯ લોકોના



જીવ ગયા છે.આ સમયગાળા દરમિયાન સરકારી અને ખાનગી મિલકતોને પણ ભારે નુકસાન થયું છે. સરકારી અહેવાલ મુજબ કુલ રૂ. ૩,૨૧૭.૯૫ કરોડનું નુકસાન નોંધાયું છે. આમાં મકાનો, દુકાનો, મજૂર નિવાસસ્થાનો, ઢોરઢાંખરા સહિતની ખાનગી મિલકતો તેમજ જાહેર બાંધકામ, પાણી પુરવઠો, વીજળી, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રની મિલકતોના નુકસાનનો સમાવેશ થાય છે. ચોમાસા દરમિયાન ૫૭૨ પશુ-પક્ષીઓનાં મોત પણ નોંધાયા છે.આપત્તિના ૧૩૩ મૃત્યુમાંથી ૫૦ ઝાડ કે ખડકો પડવાથી, ૧૮ ભૂસ્ખલનથી, ૧૭ ડૂબવાથી, ૧૩ સાપ કરડવાથી અને ૧૦ વીજળી પડવાથી થયા છે. માર્ગ અકસ્માતોમાં શિમલામાં સૌથી વધુ ૨૭ મોત નોંધાયા છે.દરમિયાન, હવામાન વિભાગે ૨૦થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં હવામાન મોટાભાગે શુષ્ક રહેવાની આગાહી કરી છે. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે.

# એશિયન ગેમ્સમાં ભારતને પ્રથમ મેડલ: મહિલા ૧૦ મીટર એર રાઈફલ ટીમે સિલ્વર જીત્યો

નવીદિલ્હી, તા.૨૦

આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતે મેડલ અભિયાનની શરૂઆત સિલ્વર મેડલ સાથે કરી છે.

ઈલાવેનિલ વાલારિવન, સોનમ મસ્કર અને વિધર્ષ કોચુલુમકલની ત્રિપુટીએ મહિલા ૧૦ મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં ૧૮૯૭ પોઈન્ટ મેળવી બીજું સ્થાન મેળવ્યું હતું. ૧૬ ટીમની સ્પર્ધામાં ચીને ૧૯૦૪.૨ પોઈન્ટના વિશ્વ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે યજમાન



જાપાને ૧૮૯૭.૧ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ભારત અને જાપાન વચ્ચે માત્ર ૦.૧ પોઈન્ટનો તફાવત રહ્યો હતો.ભારતને મહિલા ૧૦ મીટર એર રાઈફલની વ્યક્તિગત ઈવેન્ટમાં પણ મેડલની આશા છે. સોનમ મસ્કર ૬૩૪.૧ પોઈન્ટ સાથે ૫૭ શૂટર્સમાં ત્રીજા અને ઈલાવેનિલ ૬૩૩.૫ પોઈન્ટ સાથે સાતમા સ્થાને રહી ફાઈનલ માટે ક્વોલિફાય થઈ છે. વિધર્ષા ૬૩૦.૪ પોઈન્ટ સાથે ૧૨મા સ્થાને રહી હતી.

ભારતીય ટીમે છ શ્રેણીમાં અનુક્રમે ૩૧૬.૯, ૩૧૬.૮, ૩૧૭.૯, ૩૧૬.૨, ૩૧૪.૮ અને ૩૧૫.૪ પોઈન્ટ મેળવી કુલ ૧૮૯૭ પોઈન્ટ નોંધાવ્યા હતા. અગાઉ ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ભારતીય શૂટરોએ કુલ ૨૨ મેડલ જીત્યા હતા, જેમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને છ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આઈચી-નાગોયામાં ભારતીય શૂટરોએ ફરી મેડલ ટેલીનો પ્રારંભ કર્યો છે.

### બે અલગ-અલગ ઘટનાઓને લઈ પોલીસ તપાસ શરૂ કરી

# અજમેર-ટોંકમાં આર્થિક તંગીને કારણે પાંચ લોકોનો આપઘાત

જયપુર, તા.૨૦

રાજસ્થાનના અજમેર અને ટોંક જિલ્લામાં આર્થિક તંગી અને કૌટુંબિક તણાવને લગતી બે અલગ-અલગ ઘટનાઓમાં પાંચ લોકોના મોતથી ચકચાર મચી ગઈ છે. અજમેરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના શંકાસ્પદ સંજોગોમાં મોત થયા છે, જ્યારે ટોંકના માલપુરામાં પતિ-પત્નીના મૃતદેહ મળી આવ્યા હતા.અજમેરના આદર્શ



નગર પોલીસ સ્ટેશન વિસ્તારના ગઢી માલિયાણમાં ૫૯ વર્ષીય અશોક કુમાર શર્મા, તેમની ૫૨ વર્ષીય પત્ની ઈન્દ્ર શર્મા અને ૨૦ વર્ષીય પુત્રી દીક્ષા શર્માની તબિયત લથડ્યા બાદ તેમને જેએલએન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં તેમણે ઝેરી પદાર્થ પીધો હોવાની માહિતી મળી છે. એફએસએલ ટીમે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કર્યા છે. પરિવાર ભારે દેવામાં હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.બીજી ઘટના ટોંક જિલ્લાના માલપુરા શહેરના પટોડી વિસ્તારમાં બની હતી. ૩૨ વર્ષીય લક્ષ્મીનારાયણ અને તેમની ૩૦ વર્ષીય પત્ની મધુના મૃતદેહ ઘરમાંથી મળી આવ્યા હતા. તેમની ૧૩ વર્ષની પુત્રી શાળાએથી ઘરે પરત ફર્યા બાદ દરવાજો અંદરથી બંધ જોવા મળ્યો હતો. બાદમાં બારીમાંથી તપાસ કરતાં લક્ષ્મીનારાયણ ફાંસીથી લટકતા અને મધુનો મૃતદેહ જમીન પર પડેલો જોવા મળ્યો હતો. પોલીસે બંને ઘટનાઓમાં તપાસ હાથ ધરી છે.

# મહારાષ્ટ્રના મંત્રીની ભત્રીજી નીલા વિખે પાટીલ સ્વીડનમાં સાંસદ બન્યાં


મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્રના શિક્ષણવિદ્ અશોક વિખે પાટીલની પુત્રી અને મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટીલની ભત્રીજી નીલા વિખે પાટીલ સ્વીડનની સંસદ રિક્સડાગમાં ચૂંટાઈ આવ્યાં છે. ૪૧ વર્ષીય નીલા વિખેએ ૧૩ સપ્ટેમ્બરની રાષ્ટ્રીય ચૂંટણીમાં ગ્રીન પાર્ટીમાંથી સ્ટોકહોમ સિટી મતવિસ્તારમાં જીત મેળવી હતી. તેઓ વિઠ્ઠલરાવ વિખે પાટીલના પ્રપૌત્રી અને સ્વર્ગસ્થ બાળાસાહેબ વિખે પાટીલના પૌત્રી છે. અગાઉ સ્વીડિશ વડાપ્રધાન કાર્યાલયમાં રાજકીય સલાહકાર તરીકે પણ કામગીરી કરી હતી.










# અમરેલીના બસ સ્ટેશનનું શૌચાલય બંધ હોવાથી મુસાફરોને પડતી મુશ્કેલી

**વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર તંત્રના પેટનું પાણી હલતુ નથી**

અમરેલી,તા.૨૦

અમરેલી બસ સ્ટેશનમાં આવેલુ શૌચાલય બંધ હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ખાસ કરીને મહિલા મુસાફરો માટે કઠીન પરિસ્થિતિ સર્જાઈ છે. રાજય સરકાર દ્વારા મુસાફરો માટે અદ્યતન બસ સ્ટેશન બનાવવામાં આવ્યુ છે. એરપોર્ટ જેવી સુવિધાયુકત બસ સ્ટેશન બનાવવામાં આવતા મુસાફરોમાં પણ આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી



પરંતુ છેલ્લાં ત્રણ દિવસ બસ સ્ટેશનમાં આવેલુ શૌચાલય બંધ હોવાથી મુસાફરોની હાલાકીમાં વધારો થયો છે. જેમાં ખાસ કરીને શૌચાલય બંધ હોવાથી મહિલા મુસાફરોની મુશ્કેલી વધી છે. એક જ શૌચાલય ચાલુ હોવાથી ત્યાં મુસાફરોની ભીડ જોવા મળે છે. લોકોની હાલાકીનો ખ્યાલ રાખીને તાત્કાલીક બસ સ્ટેશનમાં શૌચાલય શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# અમરેલીમાં ગણેશ ઉત્સવની ધૂમ, ઉર્જા મંત્રી અને સાંસદના હસ્તે આરતી

અમરેલી,તા.૨૦

અમરેલી શહેરમાં સારથી યુથ ક્લબના સિનિયર સિટીઝન પાર્ક તથા ચિતલ રોડ પર આવેલા શીપપાર્ક યુવક મંડળ દ્વારા ગણેશ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના સમયે રાજ્ય સરકારના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરિયા તેમજ સ્થાનિક હોદ્દેદારો અને



અગ્રણીઓના હસ્તે ગણેશજીની આરતી ઉતારવામાં આવી હતી.આરતી સમયે પંડાલમાં શ્રધ્ધાળુઓની ભારે ભીડ જામી હતી અને દર્શનાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ભક્તોએ ગણપતિ બાપ્પાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ વિસ્તારમાં દર વર્ષે અલગ અલગ આગેવાનોના હસ્તે ગણેશ પંડાલમાં આરતી કરીને ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. ઉત્સવ દરમિયાન સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો.

# ધારી-રામપરા માર્ગ પર સિંહોનું ટોળું પસાર થતો વીડિયો વાયરલ

ધારી,તા.૨૦



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના હુડલીથી રામપરા જવાના માર્ગ પર સિંહોનું ટોળું પસાર થતું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં એકસાથે અનેક સિંહો રસ્તા પરથી પસાર થતા જોવા મળે છે. શિકારની શોધમાં સિંહો રસ્તા પર આવ્યા હોવાનું અનુમાન છે. આ દૃશ્યથી ધારી પંથકમાં ફરી સિંહોની હાજરીનો પરિચય થયો છે. ગીર પંથકમાં સિંહોની અવરજવર અવારનવાર જોવા મળે છે.

# અમરેલી નગરપાલિકાની ટીમ દ્વારા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી

અમરેલી,તા.૨૦

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત સેન્ટર પોઈન્ટ સર્કલ, ઓમનગર, લાઠી રોડ સહિતના જાહેર માર્ગો અને વિવિધ સ્થળોએ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. તેમજ એકત્ર થયેલા કચરાનો નિકાલ કરવામાં



આવ્યો હતો. આ સ્વચ્છતા કામગીરીમાં નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ચીફ ઓફિસર વિનોદ રાઠોડ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને નગરપાલિકાની ટીમ જોડાઈ હતી અને શ્રમદાન કર્યું હતું. તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી જિલ્લામાં યોજાનારી સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓમાં નાગરિકો પણ સહભાગી બને અને પોતાના આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખે તેવી અપીલ અમરેલી નગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

# વંડા ગામે આમ આદમી પાર્ટીની બુથ સંગઠન બેઠક અંગે યોજાઈ

અમરેલી,તા.૨૦

વંડા ગામે આમ આદમી પાર્ટી દ્વારા બુથ સંગઠનને વધુ મજબૂત બનાવવા બેઠક યોજાઈ હતી.




સાવરકુંડલા વિધાનસભાની વંડા જિલ્લા પંચાયત બેઠકને ધ્યાનમાં રાખીને યોજાયેલી બેઠકમાં પાર્ટીના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બુથ સ્તરે સંગઠનને વધુ સક્રિય બનાવવા તેમજ આગામી સમયમાં સંગઠનને મજબૂત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યકર્તાઓને સંગઠનના કામમાં સક્રિય ભાગીદારી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વીજપડી શાળામાં "વિકસિત ભારત-૨૦૪૭" અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૨૦

વીજપડી પે. સે. શાળામાં ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ "વિકસિત ભારત–૨૦૪૭" કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત ચિત્ર પ્રદર્શન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્વચ્છ ભારત, ડિજિટલ ભારત, આત્મનિર્ભર ભારત અને



પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર સુંદર ચિત્રો બનાવી પ્રદર્શનમાં રજૂ કર્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં ભારતના વિકાસ અને યુવાનોની ભૂમિકા વિશે વિચારો રજૂ કરી દેશના ભવિષ્ય માટે યુવાનોના યોગદાન પર ભાર મૂક્યો હતો.

# રાજુલાના નાયબ કલેક્ટરનું બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા સન્માન કરાયું

રાજુલા,તા.૨૦

રાજુલા ખાતે નવ નિયુક્ત નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અક્ષર પી. વ્યાસની બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા શુભેચ્છા મુલાકાત લઈ શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ કીરીટભાઈ જાની તથા મહામંત્રી પ્રવિણભાઈ જાની સહિતના હોદ્દેદારોએ કર્મચારીઓના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ

તેમજ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગે પણ ચર્ચા થઈ હતી.

# રાજુલાના માંડળ થયેલ ગામે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

રાજુલા,તા.૨૦

રાજુલા તાલુકાના માંડળ ગામે ૮ સપ્ટેમ્બરે થયેલી ઘરફોડ ચોરીનો ગુનો ડુંગર પોલીસે ડિટેક્ટ કર્યો છે. સડથાભાઈ નનાભાઈ નકુમ પરિવાર સાથે ખેતરે ગયા હતા ત્યારે અજાણ્યો શખ્સ મકાનની પાછળની લાકડાની ખડકી ખોલી ઘરમાં પ્રવેશ્યો હતો



અને સોનાના દાગીના સહિતની ચોરી કરી ફરાર થયો હતો. પોલીસે તપાસ દરમિયાન મહુવા તાલુકાના ધરાઇ ગામના લક્ષ્મણભાઈ કાનાભાઈ સીસારા, ઉંમર ૮૨ ને તપાસમાં લીધો હતો. તેમની પાસેથી સોનાની ચેઈન-પેન્ડલ, બુટ્ટી તથા રોકડ મળી કુલ રૂ. ૩.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આ કામગીરી વી.એસ. પલાસના માર્ગદર્શન હેઠળ ડુંગર પોલીસની ટીમે કરી હતી.

# અમરેલીમાં ૭૦થી વધુ વંચિત બાળકોને શૈક્ષણિક સહાય અને નાસ્તાનું વિતરણ

અમરેલી,તા.૨૦

અમરેલી ખાતે નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાના અધ્યક્ષસ્થાને સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વંચિત જૂથના ૭૦થી વધુ બાળકોને શૈક્ષણિક સહાય તેમજ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી એમ. બી. ગોહિલ, જિલ્લા પ્રાથમિક



શિક્ષણાધિકારી કે.વી. મિયાણી, કેરિયા નાગસ પ્રાથમિક શાળાના આચાર્ય રસિકભાઈ મહેતા, સુખનિવાસ પ્રાથમિક શાળાનો સ્ટાફ તથા અમરેલી અને બાબરાના એમઆઈએસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના પ્રમુખ ધીરુભાઈ કોટડિયા, નીલકંઠ જ્વેલર્સના કેતનભાઈ તથા શરે એન કેર ફાઉન્ડેશન દ્વારા દાતા તરીકે સહયોગ આપવામાં આવ્યો હતો. પહેલનો હેતુ જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી તેમના સર્વાંગી વિકાસને બળ પૂરું પાડવાનો છે.

# અમરેલીથી વંચિત વડીલો હરિદ્વાર ખાતે નિઃશુલ્ક ભાગવત સપ્તાહનું આયોજન

અમરેલી,તા.૨૦

**ગંગા સ્નાન, કથા શ્રવણ અને પિતૃતર્પણનો અનેરો લાભ મળશે**

અમરેલીના શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર દ્વારા વંચિત વડીલો માટે હરિદ્વારની નિઃશુલ્ક યાત્રા અને ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે વડીલોએ ભાગીરથીના પવિત્ર ગંગા સ્નાનનું સ્વપ્ન પણ જોયું ન હોય, તેમને આ યાત્રા દ્વારા કથા શ્રવણ, ગંગા સ્નાન અને પિતૃતર્પણનો લાભ મળશે. યાત્રાનો પ્રારંભ તા. ૦૧/૧૦/૨૦૨૬ના રોજ થશે. યાત્રિકો અમરેલીથી પ્રસ્થાન કરી ધોળા ખાતેથી રેલવે માર્ગે હરિદ્વાર જશે. ભાગવત સપ્તાહ તા. ૦૩/૧૦/૨૦૨૬ થી ૦૯/૧૦/૨૦૨૬ દરમિયાન ઋષિકેશ રોડ પર હરિપુરા કલા સ્થિત જાલાવાડ ગુજરાત આશ્રમ ખાતે યોજાશે. કથાવક્તા તરીકે પ.પૂ. અરવિંદદાદા જોષી બિરાજશે. મુખ્ય મનોરથી સેવાયજ્ઞી અમરીશભાઈ રજનીકાંતભાઈ ભીમાણી છે, જ્યારે ભોજન સેવાની જવાબદારી દિપેનભાઈ પરમાર સંભાળશે. વધુ માહિતી માટે સંચાલક ભીખુભાઈ અગ્રાવતનો મો. ૮૭૮૦૬ ૦૨૮૨૫ પર સંપર્ક કરી શકાશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# બાબરાના અમરાપરામાં વિકસિત ભારત ૨૦૪૭ અભિયાન અંતર્ગત પે સેન્ટર શાળામાં સ્પર્ધાઓ યોજાઈ

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના અમરાપરા ગામે વિકસિત ભારત-૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત અમરાપરા પે સેન્ટર શાળામાં ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા અને વક્તૃત્વ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી વિકસિત ભારતના નિર્માણમાં યુવા પેઢીની ભૂમિકા, શિક્ષણ, સંસ્કાર



અને રાષ્ટ્રપ્રેમ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટ આપી ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુકેશભાઈ ખોખરીયા, રાજુભાઈ સોરઠીયા, અજીતભાઈ ખોખરીયા, સુરેશભાઈ ધાખડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ સુરેશભાઈ રાઠોડ તથા સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.


# અમરેલી જિલ્લામાં સિઝનમાં રાજુલામાં સૌથી વધુ, બાબરામાં સૌથી ઓછો વરસાદ

**જિલ્લામાં સિઝનનો સરેરાશ ૮૩.૫૭ ટકા વરસાદ**

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં સિઝનનો સરેરાશ ૮૩.૫૭ ટકા વરસાદ વરસી ચુક્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે, અમરેલી જિલ્લામાં રાજુલામાં સૌથી વધારે અને બાબરામાં સૌથી ઓછો વરસાદ વરસ્યો છે.આંકડાકીય વાત કરવામાં આવે તો, રવિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં અમરેલીમાં ૮૫.૦૬ ટકા, બાબરામાં ૬૪.૪૪ ટકા, બગસરામાં ૭૮.૭૫ ટકા, ધારીમાં ૬૮.૧૫ ટકા, ખાંભામાં ૮૬.૧૭ ટકા, લીલીયામાં ૯૪.૩૭ ટકા, રાજુલામાં ૧૦૮.૧૪ ટકા, સાવરકુંડલામાં ૯૨.૯૬ ટકા, કુંકાવાવ-વડિયામાં ૯૦.૪૧ ટકા વરસાદ નોંધાયો હતો.રાજ્યમાં રવિવાર સુધીમાં સિઝનનો સરેરાશ વરસાદ ૮૮ ટકા પર પહોંચ્યો છે. કચ્છમાં ૫૭.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૦.૮૧ ટકા, પૂર્વ મધ્યમાં ૮૯.૧૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૮.૦૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૧૩.૭૧ ટકા વરસાદ નોંધાયો છે.ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં ગત સપ્તાહે જાફરાબાદ, વડીયા, બાબરા, લાઠી, રાજુલા, સાવરકુંડલા સહિતના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ થયો હતો. અમરેલી જિલ્લામાં વરસાદથી રસ્તાઓ પર નદી જેવા દ્રશ્યો સર્જાયા હતા. સતત ત્રણ-ચાર દિવસ વરસાદને પગલે ખેડૂતોમાં હરખ છવાયો હતો.

મેઘમહેરથી ખેડૂતોના મગફળી, કપાસ, સોયાબીન સહિતના પાકને જીવનદાન મળતાં જગતનો તાત ખુશખુશાલ થઈ ગયો હતો.





**સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં કેટલા ટકા વરસાદ**

અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં આ વર્ષે વરસાદની પેટર્નમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ક્યાંક અનરાધાર તો ક્યાંક છૂટોછવાયો વરસાદ પડ્યો છે.સુરેન્દ્રનગરમાં ૯૭.૪૭ ટકા, રાજકોટમાં ૫૭ ટકા, મોરબીમાં ૯૯.૪૨ ટકા, જામનગરમાં૪૦.૬૫ ટકા, દેવભૂમિ દ્વારકામાં ૧૪.૮૨ ટકા, પોરબંદરમાં ૨૭.૧૬ ટકા, જૂનાગઢમાં ૬૩.૮૯ ટકા, ગીર સોમનાથમાં ૫૮.૧૮ ટકા,અમરેલીમાં ૮૩.૫૭ ટકા, ભાવનગરમાં ૯૧.૮૩ ટકા, બોટાદમાં ૯૦.૧૮ ટકા વરસાદ પડ્યો છે.

## અમરેલીમા નેશનલ સાયન્સ સેમીનાર યોજાયો

અમરેલી,તા.૨૦



ગુજરાત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આયોજિત આ કાર્યક્રમમા ડી.ઈ.ઓ. મનોહરસિંહ ગોહીલ અને અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા. સેમીનારમાં ભારતીય ઉર્જા બાસ્કેટ-૨૦૪૭ વિષય પર વિદ્યાર્થીઓએ પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. મનોહરસિંહજી ગોહીલે વિદ્યાર્થીઓની સંશોધનાત્મક શક્તિઓને બિરદાવી હતી. સ્પર્ધામા પ્રથમ ક્રમે પ્રીન્સ મકવાણા અને દ્વિતીય ક્રમે ખીમાણી ખંજન આવ્યા હતા. આ બંને વિજેતાઓ હવે રાજ્ય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. ત્રીજા ક્રમે રોનક હેરમા રહ્યા હતા. તમામ વિજેતાઓ અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા.

## રાજુલા ડેપોને ત્રણ નવી એસ.ટી. બસ મળતા મુસાફરોની સુવિધામાં વધારો થશે

રાજુલા,તા.૨૦

રાજુલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરોની લાંબા સમયથી ચાલી રહેલી માંગણીને પગલે રાજુલા ડેપોને ત્રણ નવી એસ.ટી. બસો ફાળવવામાં આવી છે. રાજુલા ડેપો ખાતે નવી બસોનું લોકાર્પણ કરી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ગુજરાત નિયંત્રણ બજાર સંઘના ચેરમેન જીગ્નેશભાઈ પટેલની રજૂઆતોને પગલે નવી બસો શરૂ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. બસ સેવા શરૂ થતાં રાજુલા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરો, વિદ્યાર્થીઓ અને દૈનિક અપ-ડાઉન કરતા નાગરિકોને વધુ સુવિધાસભર અને આરામદાયક મુસાફરીનો લાભ મળશે. આ પ્રસંગે ભાજપના આગેવાનો, રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા, યુવા ભાજપના હોદ્દેદારો, ડેપો મેનેજર તથા ડેપો અને વર્કશોપનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

## દામનગરમાં મદનમોહનલાલજીની હવેલીમાં રાધાષ્ટમીની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૨૦



દામનગર સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા મદનમોહનલાલજીની હવેલી ખાતે શનિવારે રાધાષ્ટમીની ધાર્મિક ભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી.

રાધાષ્ટમી નિમિત્તે સવારના સમયે આરતી કરવામાં આવી હતી. જ્યારે સાંજના સમયે રાસ-ગરબા અને કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૈષ્ણવ સમાજના ભક્તોએ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર હવેલી પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

## ખારા અને પાંચતલાવડા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી, ડિવિડન્ડ-ભેટ જાહેર

લીલીયા,તા. ૨૦

લીલીયા તાલુકાની ખારા અને પાંચતલાવડા સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી, જેમાં વાર્ષિક હિસાબો રજૂ કરી સભાસદોને ડિવિડન્ડ તથા ભેટ આપવાનો નિર્ણય લેવાયો હતો. પૂજાભાઈ ગરણીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી ખારા મંડળીની સભામાં મંત્રી જયદીપભાઈએ હિસાબો રજૂ કર્યા હતા, જેમાં રૂ.૬.૫૦ લાખના ચોખ્ખા નફામાંથી ૧૦ ટકા ડિવિડન્ડ અને આશરે રૂ.૮૦૦ની ભેટ આપવાનું નક્કી થયું હતું. બીજી તરફ, સુરેશભાઈ ખુમાણના પ્રમુખસ્થાને મળેલી પાંચતલાવડા મંડળીની સભામાં રૂ.૨૦ લાખના ચોખ્ખા નફામાંથી ૧૨ ટકા ડિવિડન્ડ તેમજ રૂ.૮૦૦ ની ભેટ આપવાની બહાલી અપાઈ હતી. આ પ્રસંગે બેંકના સિનિયર ઓફિસર પરેશ કીકાણી, મેનેજર ભરતભાઈ પાડા, સુપરવાઈઝર જિતુભાઈ, સરપંચ જેરામભાઈ કાત્રોડીયા અને હમીરભાઈ સહિત બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરાની લુણકી પ્રાથમિક શાળામા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સ્પર્ધા યોજાઈ



બાબરા,તા. ૨૦

લુણકી પ્રાથમિક શાળામાં તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધાના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ અમરેલીના ઉપપ્રમુખ જયાબેન ગેલાણી, બાબરા તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી અનિલભાઈ બગડા, લુણકી ગ્રામ પંચાયતના સરપંચ પરેશભાઈ કથીરિયા, મધુભાઈ ગેલાણી તથા આચાર્ય વિજયભાઈ પટેલ સહિત શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સર્જનાત્મકતા, વક્તૃત્વ કૌશલ્ય અને રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસાવવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સ્ટાફે સુંદર આયોજન કર્યું હતું.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વૉલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૪૮/૨૦૨૬ — તા.૧૫/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. હીરપરા મનુભાઈ રણછોડભાઈ રહે. પીયાવા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી હિરપરા અસ્મીતાબેન મનુભાઈનો જન્મ તા.૧૬/૦૬/૧૯૮૪ ના રોજ મુ. પીયાવા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું. આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**નામ બદલાવેલ છે**

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારુ જૂનું નામ રાજપુરા તનુશ્રી હિતેષ જે તેમાંથી બદલાવી નવું નામ રાજપુરા તનુશ્રી હિતેષભાઈ રાખેલ છે. હવેથી હું રાજપુરા તનુશ્રી હિતેષભાઈ રાખેલ છે નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

રાજપુરા તનુશ્રી હિતેષભાઈ
ગુરુપ્રસાદ.. ગાંધી સોસાયટી, ગુરુકુળ રોડ,
સાવરકુંડલા. જી. અમરેલી-૩૬૪૫૧૫.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર..
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ
"અવધ બેસન" તો રાહ શેની જુઓ છો...? આજે જ ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને સ્વાદની મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો
૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેઈલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. ૮૨-૧, જી.આઈ.ડી.સી. અમરેલી.
સંપર્ક: મો. ૯૮૯૮૨ ૮૬૦૮૩, ૯૮૨૪૨ ૩૦૫૧૫



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૨/૨૦૨૬ — તા.૨૩/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. હીરપરા મનુભાઈ રણછોડભાઈ પીયાવા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી જાગૃતિબેન મનુભાઈ હિરપરાનો જન્મ તા.૧૦/૦૪/૧૯૮૬ ના રોજ મુ.પીયાવા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

# કૌશિક વેકરીયાની હાજરીમાં ચલાલા ખાતે પીએમ મોદીના જન્મદિને રક્તદાન કેમ્પ યોજાયો



ચલાલા,તા.૨૦

ચલાલામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચો, ચલાલા શહેર ભાજપ યુવા મોરચો અને સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા સંયુક્ત રીતે સેવા સંકલ્પ અભિયાન હેઠળ કરાયો હતો. કેમ્પ ચલાલા સમૂહ આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયો હતો જેમાં સંત રતીદાદા,રાજયમંત્રી કૌશિક વેકરીયા, મહાવીર બાપુ, ધારાસભ્ય જે.વી. કાકડિયા, પાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા, હિંમતભાઈ દોંગા અને પ્રકાશભાઈ કારીયા સહિતના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે હાજર મહાનુભાવોએ રક્તદાન કરનાર દાતાઓને પ્રોત્સાહન આપ્યું હતું. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કેમ્પમાં કાર્યકરો અને યુવાનોએ ઉત્સાહથી રક્તદાન કર્યું હતું.

# મહેશ કસવાળાના પ્રયાસોથી લીલીયા-લાઠી માર્ગ માટે ૩૦ કરોડની મંજૂરી

લીલીયા,તા.૨૦

લીલીયા અને લાઠી વિસ્તારના લોકોની વર્ષો જુની માંગણી આખરે પુરી થઈ છે. લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સઘન પ્રયાસને કારણે ગુજરાત સરકારે લીલીયા-લાઠી માર્ગના વિકાસ અને નવીનીકરણ માટે રૂ. ૩૦ કરોડની મોટી રકમ મંજુર કરી છે. આ માર્ગ ભાવનગર અને રાજકોટ જેવા મુખ્ય શહેરોને જોડતો અગત્યનો રસ્તો છે તેથી તેના સુધારાથી સામાન્ય જનતા, વેપારીઓ અને વાહન ચાલકોને મોટી સુવિધા મળશે. માર્ગ સુધરવાથી વાહનવ્યવહાર ઝડપી અને સુરક્ષિત બનશે જેનાથી વિસ્તારના આર્થિક



વિકાસને પણ નવી ગતિ મળશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો અને કહ્યું કે રાજ્ય સરકાર હંમેશા પ્રજાના કામ માટે તત્પર રહે છે. આ નિર્ણયથી સ્થાનિક ભાજપ આગેવાના, કાર્યકરો અને ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે અને તેઓએ સરકાર તથા ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો છે.

# ખાંભાનો અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ સાયબર ફ્રોડનો ભોગ બન્યા

**રૂ.૯૯,૯૯૯ ટ્રાન્સફર થઈ ગયા**

ખાંભા, તા.૨૦

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડ અવેરનેસ કેમ્પેન ચલાવતી પોલીસનો જ એક કર્મચારી સાયબર ફ્રોડનો ભોગ બન્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ સાથે રૂ.૯૯,૯૯૯ની છેતરપિંડી થઈ હતી.

બનાવ અંગે ફારૂકભાઈ ગુલાબભાઈ પઠાણે નોંધાવેલી ફરિયાદ મુજબ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતાનો ઉપયોગ કરનાર અજ્ઞાત ઈસમે ગઈ તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ આ નાણાં સાયબર ક્રાઈમ/ છેતરપિંડીના હોવાનું જાણવા છતાં, ફરિયાદીના રૂ.૯૯,૯૯૯ પોતાના એકાઉન્ટમાં મેળવી લીધા હતા. ત્યારબાદ આ રકમ ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને સગેવગે કરી દીધી હતી. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે પરિણીતા પર સાસરિયાઓનો ત્રાસ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં વધુ બે પરિણીતાઓ પર સાસરિયાઓએ અત્યાચાર ગુજાર્યો હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

પ્રથમ બનાવમાં, હાલ ધારી ખાતે રહેતા નેહાબેન રમણીકભાઈ ઝવેરી (ઉ.વ.૨૨)એ ભાવનગરના સીદસરમાં રહેતા પતિ ગોવિંદજી જગાજી ગેહલોત, સાસુ હંસાબેન જગાજી ગેહલોત, સસરા જગાજી ગોપાજી ગેહલોત તથા ભગાજી ગોપાજી ગેહલોત, કરણજી ગોપાજી ગેહલોત, સરદારજી ગોપાજી ગેહલોત, ગેંદીબેન ભગાજી ગેહલોત અને દેવુબેન ગોપાજી ગેહલોત સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિએ તેમને ગાળો આપી માર માર્યો હતો, જ્યારે અન્ય સાસરિયાઓએ નાની-નાની વાતોમાં ઝઘડો કરી મેણા-ટોણા માર્યા હતા તથા જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો.

બનાવ અંગે ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.બીજા બનાવમાં, હાલ લાઠી ખાતે રહેતા સંગીતાબેન રસીકભાઈ પઢીયાર (ઉ.વ.૪૨)એ સુરેન્દ્રનગરના પાટડીમાં રહેતા પતિ અશોકભાઈ જગદિશભાઈ સોલંકી, સસરા જગદિશભાઈ પિતાંબરભાઈ સોલંકી, સાસુ સવિતાબેન જગદિશભાઈ સોલંકી, જેઠ નવીનભાઈ જગદિશભાઈ સોલંકી અને જેઠાણી જ્યોતીબેન નવીનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિ તેમજ સાસુ-સસરા અને જેઠ-જેઠાણી ઘરકામ બાબતે તથા બીમારી દરમિયાન સારવાર ન કરાવી અવારનવાર મેણા-ટોણા મારી, અપશબ્દો બોલી મારકૂટ કરીને શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. તેમજ આજદિન સુધી તેમને તેડવા પણ આવ્યા નહોતા. બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# આંબરડી શાળાના સ્ટાન્ડર્ડ ક્લબના વિદ્યાર્થીઓએ ન્યૂ કોલા કંપનીની શૈક્ષણિક મુલાકાત લીધી




અમરેલી,તા.૨૦

આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આંબરડી ખાતે કાર્યરત સ્ટાન્ડર્ડ ક્લબના ૨૫ વિદ્યાર્થીઓએ રાજુલા સ્થિત ન્યૂ કોલા પ્રાઈવેટ કંપનીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કંપનીના મેનેજર તથા સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને કંપનીના વિવિધ યુનિટની મુલાકાત કરાવવામાં આવી હતી. તેમજ ઉત્પાદન પ્રક્રિયા, પ્રોડક્ટ, મેનેજમેન્ટ અને માર્કેટિંગ અંગે પ્રત્યક્ષ માહિતી આપવામાં આવી હતી. વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનને ઔદ્યોગિક જગતની વાસ્તવિક કામગીરી સાથે જોડતી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી બની હતી. આ શૈક્ષણિક મુલાકાતમાં સ્ટાન્ડર્ડ ક્લબ લાઈઝન દિપકભાઈ વિરડા સાથે પ્રકાશભાઈ માધડ અને પ્રજ્ઞાબેન મહેતા જોડાયા હતા. સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિ બદલ શાળાના આચાર્ય એમ. ડી. માલવિયા તથા મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# સુખપુરની શાળામાં 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૨૦

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સુખપુર ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, અભિવ્યક્તિ કૌશલ્ય અને રાષ્ટ્રીય વિકાસ અંગે જાગૃતિ વધે તે હેતુથી વક્તૃત્વ તેમજ ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં



શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિજેતા વિદ્યાર્થીઓને વિનુભાઈ ઝાપડિયા દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૨૧-૦૯-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૮,
સૂર્યાસ્ત-૦૬:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

**તા. ૨૧-૦૯-૨૦૨૬ સોમવાર**

મેષ: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃષભ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

કર્ક: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

સિંહ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

કન્યા: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

# બાબરામાં 'આ જગ્યા પર તું કેમ માપણી કરવા આવ્યો હતો?' કહી યુવકને ઢીકાપાટુનો માર માર્યો

**બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર ઘટના બની**

બાબરા, તા.૨૦

બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર એક યુવકને ×આ જગ્યા પર તું કેમ માપણી કરવા આવ્યો હતો?× તેમ કહી ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે ભીખુબાઈ સવજીભાઈ સેંજલીયા (ઉ.વ.૪૬)એ સુરેન્દ્રનગરના આદીત્યભાઈ આલકુભાઈ ખાચર, અમરેલીના હરપાલભાઈ દડુભાઈ ધાધલ અને જયદિપભાઈ દડુભાઈ ધાધલ, ચોટીલાના જયવીરભાઈ મનુભાઈ ધાધલ તથા વરસડાના રાજદીપભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ આરોપીઓએ તેમને બોલાવીને કહ્યું હતું કે, 'આ જગ્યા ઉપર તું તા.૧૬/૦૮/૨૦૨૬ના રોજ કેમ માપણી કરવા આવેલો હતો? આ જગ્યા અમે ભાડે રાખેલી છે, હવે પછી તારે અહીં પગ મૂકવો નહીં.' આમ કહી પોતાનો બદઈરાદો પાર પાડવા લોખંડના પાઈપ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી તેમને ગાળો આપી શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં નેશનલ સાયન્સ સેમિનારમાં સા.કુંડલાના વિદ્યાર્થીએ પ્રથમ સ્થાન મેળવ્યું

સાવરકુંડલા,તા.૨૦



અમરેલી ખાતે GUJCOST, DST અને નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ દ્વારા સંચાલિત ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બાલ ભવન-અમરેલીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાનો 'નેશનલ સાયન્સ સેમિનાર' યોજાયો, જેમા "ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭- સંભાવનાઓ અને પડકારો" વિષય પર ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે.વી. મોદી હાઈસ્કૂલ સાવરકુંડલાના મકવાણા પ્રિન્સે પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ.

# અમરેલી અને સરકારી પીપળવા ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં બે સ્થળોએથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પ્રથમ બનાવમાં, અમરેલી-સાવરકુંડલા રોડ ફાટક પાસેથી એક મહિલા પોતાના મકાનની પતરાની ઓરડીમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતા ઝડપાઈ હતી. પોલીસે ૬૦ લીટર વોશ, ૧૦૦ લીટર આથો તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૪,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બીજા બનાવમાં, સરકારી પીપળવા ગામેથી પણ એક મહિલા તેના રહેણાંક ઘરના ફળિયામાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવતા મળી આવી હતી. પોલીસે ૩ લીટર દેશી દારૂ, ૨૦ લીટર વોશ, ૩૦ લીટર આથો તેમજ ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૨,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ ઉપરાંત, ટોડા ગામે દૂધાળા જવાના રસ્તા પાસેથી એક મહિલાના મકાનેથી ૪૦ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. તેમજ જિલ્લામાં અન્ય ૧૩ લોકો પાસેથી ૭૩ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો અને ૧૦ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.

# ખાંભાના ડેડાણ ગામે વેપારી સાથે ૬૦ હજારની છેતરપિંડી

**ભાવરડી ગામે રહેતા વેપારીએ ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા.૨૦

ખાંભાના ડેડાણ ગામે વેપારી સાથે રૂ.૬૦ હજારની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બનાવ અંગે ભાવરડી ગામે રહેતા વેપારી જયસુખભાઈ ગભરૂભાઈ ભુકણ (ઉ.વ.૨૧) એ રાજકોટના આશિષભાઈ પ્રતાપભાઈ પડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીએ વેપારી સાથે ફોન તેમજ વોટ્સએપના માધ્યમથી વાતચીત કરી તેમનો વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ તા.૧૪/૦૯/૨૦૨૬ના રોજ સોપારીની બે બોરી મોકલાવવાનો વાદો કરી, તેના રૂ.૬૦,૦૦૦ કપટપૂર્વક તથા બદદાનતથી મેળવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ સોપારીની બોરીઓ ઈરાદાપૂર્વક ન મોકલીને છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# જળ એ જ જીવન : હવે નહીં જાગીએ તો પસ્તાશું

વિશ્વભરમાં ઘટી રહેલું ભૂગર્ભજળ: સમયસર ન જાગ્યા તો ભાવિ પેઢી માટે જળસંકટ ઘેરાશે.

આપણે ત્યાં કહેવત છે કે પાણી પહેલાં પાળ બાંધવી સારી. આજે આ કહેવતને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે, કારણ કે દુનિયાભરમાં ધરતી નીચેનું પાણી ઝડપથી ઘટી રહ્યું છે. આ કોઈ દૂરના દેશની નહીં પણ આપણા ઘર, ખેતર અને ભવિષ્ય સાથે જોડાયેલી વિકટ પરિસ્થિતિ છે. એક અહેવાલ અનુસાર ૨૦૨૫માં દુનિયાના ૩૪ ટકા ભૂગર્ભજળ નિરીક્ષણ કેન્દ્રો પર પાણીનું સ્તર સામાન્ય કરતાં નીચે નોંધાયું હતું, જે ૨૦૨૪માં ૨૫ ટકા હતું. એટલે કે માત્ર એક જ વર્ષમાં સંકટમાં ૯ ટકાનો વધારો થયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં સ્થિતિ વધુ બગડી છે અને ૬૫ ટકા કેન્દ્રો પર જળસ્તર સામાન્ય સીમાથી બહાર નોંધાયું છે. ભારત ઉપરાંત અમેરિકા, યુરોપ, મેક્સિકો અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ ભૂગર્ભજળમાં ભારે ઘટાડો થયો છે.

આપણા દેશના ઉત્તર-પશ્ચિમી વિસ્તારોમાં જળસ્તર સામાન્ય કરતાં ઘણું નીચે ગયું છે. ગંગા અને સિંધુ નદીના ઉપરી વિસ્તારોમાં જમીન નીચે જમા થયેલા પાણીમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. નદીઓની હાલત પણ ચિંતાજનક છે. ૨૦૨૫માં દુનિયાના ૩૬ ટકા નદી ક્ષેત્રોમાં પાણીનો પ્રવાહ સામાન્ય કરતાં ઓછો રહ્યો, જે છેલ્લા ત્રણ દાયકામાં સૌથી સૂકું વર્ષ સાબિત થયું છે. બીજી બાજુ, ગ્લેશિયરો ઝડપથી ઓગળતા નદીઓ ભવિષ્યમાં કાયમ માટે સુકાઈ જવાનો ખતરો ઊભો થયો છે. ભૂગર્ભજળ ઘટવાનું મુખ્ય કારણ વધુ પડતો ઉપાડ, વરસાદની અનિયમિતતા, વૃક્ષોનો વિનાશ અને કોંક્રીટનું વધતું આક્રમણ છે.

આ ગંભીર સમસ્યામાંથી ઉગળવા માટે તાત્કાલિક પગલાં ભરવાં અનિવાર્ય છે. દરેક ઘર અને સરકારી મકાનોમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઊભી કરીને વરસાદી પાણીનો સંગ્રહ કરવો જોઈએ. ખેતીક્ષેત્રે ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવીને પાણીનો બગાડ અટકાવવો જરૂરી છે.

ગામડાઓમાં તળાવો ઊંડા કરવા અને ચેકડેમ બનાવવાથી કૂવાઓના જળસ્તર ઊંચા આવી શકે છે. શહેરોમાં નળનું લીકેજ અટકાવવું અને વાપરેલા પાણીનો બગીચામાં પુનઃઉપયોગ કરવાની ટેવ પાડવી પડશે. સરકારે પણ ભૂગર્ભજળના વધુ પડતા ઉપાડ પર કડક નિયમો બનાવવા પડશે. ભૂગર્ભજળ એ બેંક બેલેન્સ જેવું છે, જો જમા કર્યા વગર માત્ર ઉપાડ કરીશું તો ખાતું ખાલી થઈ જશે. ધરતી નીચે હજારો વર્ષોથી જમા થયેલા પાણીને સાચવીને વાપરવું એ આપણી નૈતિક ફરજ છે. જળ છે તો જ જીવન છે, માટે આજે જ જળસંચયની દિશામાં આગળ વધવું પડશે.

# "પશ્ચિમના બંધનો ફેંકી દો અને પૂર્વ તરફ જુઓ, તમારી સંસ્કૃતિ અને પરંપરાઓના આધારે ભવિષ્ય વિશે વિચારો"

## પુષ્પ : ૩૫

'આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું સ્થાન શું હશે અને આપણો માર્ગ શું હોવો જોઈએ ?' આ વાત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક તરીકે મોહનજી ભાગવત દ્વારા વારંવાર સમજાવવામાં આવી છે. "પશ્ચિમના બંધનો ફેંકી દો અને પૂર્વ તરફ જુઓ. તમારી સંસ્કૃતિ અને પરંપરાઓના આધારે ભવિષ્ય વિશે વિચારો તો જ આપણે વૈશ્વિક સ્તરે આપણું અસ્તિત્વ સાબિત કરી શકીશું." મોહનજીએ ઈ.સ. ૨૦૧૨ ના વિજયાદશમીના ઉત્સવમાં આ વિષય પર વાત કરતા કહ્યું હતું કે, 'આપણી જમીન સરહદ અને સરહદની અંદરના ટાપુઓ સહિત સરહદી વિસ્તારોનું સંચાલન સુનિશ્ચિત કરવાની અને જાળવવાની જરૂર છે. દેશની સરહદો તેમના વ્યૂહાત્મક સંચાલન અને સુરક્ષા પ્રણાલીની દ્રષ્ટિની સાથે સુરક્ષાના દષ્ટિકોણથી આપણી આંતરરાષ્ટ્રીય રાજદ્વારીનો ઉપયોગ અને રોકાણ પર પણ આજકાલ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તે દેશની આર્થિક સ્થિતિ પર આધાર રાખે છે તે દ્રષ્ટિકોણથી, થોડા વર્ષો પહેલા સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બહુપ્રતિક્ષિત નવી અને સાચી દિશાની જાહેરાત Look East Policy કરવામાં આવી હતી. દક્ષિણ પૂર્વ એશિયાના બધા દેશો એ હકીકત જાણે છે અને સ્વીકારે છે કે ભારત અને તેમના રાષ્ટ્રીય જીવનના મૂળભૂત મૂલ્યો સમાન છે. ઈતિહાસના નિકટ કાળથી તથા અત્યારે પણ સાંસ્કૃતિક તથા વ્યાપારિક રીતે આપણો તેમની સાથે ગાઢ સંબંધ રહ્યો છે. આ દ્રષ્ટિકોણથી એ સાચું છે કે આપણે આ બધા દેશો સાથે આપણા સહકારી અને મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા છે. આપણે તેને ફરીથી મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે અને ત્યાંના લોકો પણ આ ઈચ્છે છે. પરંતુ જાહેરાત કેટલી અને કઈ ઝડપે અમલમાં મુકાઈ રહી છે તેની ગણતરી ત્યાં કે અહીં પણ આશાસ્પદ ચિત્ર રજૂ કરતી નથી. ચીન આ ક્ષેત્રમાં આપણું હરીફ બનીને દળ - બળપૂર્વક ઉતરી આવ્યું છે ત્યારે આપણી ગતિહિનતા અને નિષ્ક્રિયતા આ ચિંતાને વધુ ગંભીર બનાવે છે. હવે આપણે જાણીએ છીએ કે પાકિસ્તાનને તેની પરમાણુ ટેકનોલોજી આપીને તેણે તેની સાથે મિત્રતા કરી છે. નેપાળ, મ્યાનમાર, શ્રીલંકા જેવા આપણા પાડોશી દેશોમાં ચીનના આ પગલાનો સુરક્ષાના દ્રષ્ટિકોણથી આપણા માટે શું અર્થ છે તે સમજાવવાની જરૂર નથી. આ બધા પ્રદેશોમાં ભારતીય મૂળના લોકો પણ મોટી સંખ્યામાં રહે છે. આ પરંપરાગત કુદરતી મિત્ર દેશોને સાથે રાખવા અને તેમના હિતોનું રક્ષણ કરતી વખતે તેમની સાથે રહેવાનું આપણું વિઝન આપણા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અસરકારક હોવું જોઈએ. પરંતુ મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે, શું રાષ્ટ્રનું હિત આપણી નીતિનું લક્ષ્ય છે કે નહીં ? છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા પોતાના સરકારી વહીવટના સમર્થનથી બનતી આવી ઘટનાઓ સમગ્ર દેશ માટે ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે. જમ્મુ અને કાશ્મીરની સમસ્યા અંગે છેલ્લા દસ વર્ષથી અપનાવવામાં



આવેલી નીતિને કારણે ત્યાં ઉગ્રવાદી પ્રવૃત્તિઓના પુનર્જીવનના સંકેતો દેખાય રહ્યા છે. કાશ્મીર ખીણના પ્રદેશને પાકિસ્તાનના ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવો, જમ્મુ-લેહ-લદાખ અને ખીણના વહીવટ અને વિકાસમાં ભેદભાવનો અંત લાવવો અને બાકીના ભારત સાથે રાજ્યના એકીકરણની પ્રક્રિયાને ઝડપી બનાવવી તથા ખીણમાંથી વિસ્થાપિત હિન્દુઓનું પુનર્વસન કરવું, લોકોની વાજબી આકાંક્ષાઓ જેમ કે, પોતાની જમીન પર સન્માન અને સલામતી સાથે સ્થાયી થવાની પરિસ્થિતિઓ બનાવવી, ભાગલા સમયે ભારતમાં આવેલા વિસ્થાપિત લોકોને નાગરિક અધિકારો પૂરા પાડવા વગેરેથી વિપરીત પરિસ્થિતિને વધુ જટિલ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યાં કેન્દ્ર અને રાજ્યમાં શાસક પક્ષોના સત્તાના લોભને કારણે રાષ્ટ્રીય હિતોને અવગણવાનો અને વિદેશી દબાણને વશ થવાનો ટ્રેન્ડ પહેલાની જેમ જ ચાલુ છે. દેશના પૂર્વ ભાગની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે રાષ્ટ્રવાદી વલણ ધરાવતી હિન્દુ વસ્તીમાં ધીમે ધીમે ઘટાડો થવાને કારણે દેશના ઉત્તર ભાગમાં જે સમસ્યા ઊભી થઈ અને વધતી રહી, તેમાંથી આપણે કોઈ બોધપાઠ લીધો નથી. દેશની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે અને તેના માટે સક્ષમ નેતૃત્વની જરૂર છે. દેશનું નેતૃત્વ નક્કી કરવામાં લોકોની ભાગીદારી મહત્વપૂર્ણ છે. મતદાતા રાજા પોતાના મતથી દેશનું ભવિષ્ય ઘડે છે. તેથી ૧૦૦% મતદાન હોવું જોઈએ. મતદારોએ પોતાના મતનું મહત્વ સમજવું જોઈએ. મતદારોને શિક્ષિત કરતી વખતે શિક્ષણના ક્ષેત્રમાં ભારતીય વિચારસરણીનો સમાવેશ થવો જોઈએ. ભારતની જ્ઞાન પરંપરા, સંસ્કૃતિ અને પરંપરાના આધારે શિક્ષણનીતિ બનાવવાની જરૂર છે. આ સમયની માંગ છે."

સરસંઘચાલક મોહનજી ભાગવત આ રીતે પશ્ચિમી વિચારધારાના પ્રભાવને નષ્ટ કરવા માટે ભારતીય શિક્ષણપ્રણાલી વિકસાવવા પર ભાર મૂકે છે. પશ્ચિમી વિચારોના પ્રભાવને કારણે આપણી કુટુંબવ્યવસ્થા નાશ પામી છે. તેમણે કુટુંબવ્યવસ્થાને સુચારું રીતે ચલાવવા માટે ખાસ પ્રયાસોની જરૂરિયાત વ્યક્ત કરી છે. ઈ.સ. ૨૦૧૩ ના વિજયાદશમીના બૌદ્ધિકમાં શ્રી મોહનજી ભાગવત કહે છે કે, ×સામાન્ય નાગરિકો માટે ચૂંટણી રાજકારણ નથી પરંતુ તેમની આવશ્યક લોકશાહી ફરજ પૂર્ણ કરવાની તક છે. તેથી મતદાન કરતી વખતે મતદારો તરીકે નાગરિકોએ યોગ્ય અને સંકલિત અભિગમ સાથે પક્ષોની નીતિઓ અને ઉમેદવારોના ચારિત્રનું મૂલ્યાંકન કરવું જોઈએ. સામાન્ય જનતાએ કોઈ પણ છેતરપિંડી, કપટ કે ભાવનાનો શિકાર ન બનવું જોઈએ. પરંતુ રાષ્ટ્રીય હિતની નીતિનું પાલન અને સક્ષમ અને સમર્થ મતદાન કરવું જોઈએ. ૧૦૦ ટકા મતદાન લોકશાહીના સ્વાસ્થ્યને પોષણ આપે છે. આપણે આપણી ઉદાસીનતા છોડીને આ દિશામાં કરવામાં આવતા તમામ પ્રયાસોમાં ચૂંટણી યોજવામાં સામેલ લોકો અને તંત્રોને સહકાર આપવો જોઈએ. પરંતુ આપણી ફરજ ફક્ત ચૂંટણીમાં મતદાન કરીને ચૂંટાયેલા લોકો પર બધો બોજ નાખવાથી પૂરી થતી નથી; પરંતુ જનતાની જવાબદારી છે કે તેઓ ચૂંટણી પછી ઉમેદવારના કામ પર નજર નાખે અને સાચો રસ્તો બતાવે."

આ રીતે ચૂંટણી સમયે નાગરિકોની ફરજ પર ભાર મુકતા સરસંઘચાલકે જણાવ્યું કે, મતદાન દ્વારા આપણા પ્રતિનિધિઓને ચૂંટવાનો સમય નજીક આવી ગયો છે. ઘણા નવા અને યુવાન મતદારો હશે. આપણી ફરજ બજાવવા માટે આપણે સૌ પ્રથમ ચિંતા કરવી જોઈએ કે આપણું નામ મતદાર યાદીમાં યોગ્ય રીતે દાખલ થયું છે કે નહીં. આ ઉપરાંત ડો. મોહનજી ભાગવતે સંઘના વિજયાદશમીના ઉજવણી કાર્યક્રમમાં સભાને સંબોધિત કરતા કહ્યું કે, "આજની શિક્ષણનીતિમાં મૂળભૂત ફેરફારો લાવવાની જરૂર છે. જે ફક્ત વ્યાપારી વૃત્તિથી પ્રેરિત છે. કારણ કે આ નીતિને કારણે વર્તમાન શિક્ષણપ્રણાલી સામાન્ય લોકોની પહોંચની બહાર થઈ ગઈ છે અને તેમાં ગુણવત્તા અને મૂલ્યોનો વિકાસ પણ અટકી ગયો છે. એવું લાગે છે કે શિક્ષણ ક્ષેત્રે સ્વદેશી લોકોના સાહસને નિરુત્સાહિત કરીને અને વિદેશી શૈક્ષણિક સંસ્થાઓના અનિયંત્રિત સંચારને આમંત્રણ આપીને સમગ્ર શિક્ષણ પ્રણાલીને વિદેશી હાથોમાં સોંપવાની તૈયારીઓ ચાલી રહી છે. સમૃધ્ધ રાષ્ટ્ર બનાવવા માટે નવી પેઢીને તમામ સુવિધાઓથી સજ્જ કરવાને બદલે શિક્ષણને આંતરરાષ્ટ્રીય વેપાર માટે કમાણીની તકોથી ભરપૂર એક નવું બજાર ક્ષેત્ર માનીને આજે આપણે દેશનું ભવિષ્ય કયા અંધારા ખાડામાં ધકેલાઈ જશે તે વિશે કોઈ વિવેકથી સમજણ રાખતું નથી. શિક્ષણ ક્ષેત્રને આપવામાં આવેલી દિશામાં તે દેખાતું નથી.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# સંબંધોના સમીકરણો : ઉકેલવા, સ્વીકારવા કે સાચવવા ?



## મનન ચિંતન

ભરત બાવીશી

ગણિતમાં અનેક સમીકરણો હોય છે,તેને ઉકેલવા સહેલા હોય છે પરંતુ સૌથી અઘરું અને સૌથી સંવેદનશીલ સમીકરણ જીવનમાં સંબંધોનું સમીકરણ છે. ગણિતના સમીકરણમાં આંકડાઓનું સંતુલન બેસાડવું પડે છે, જ્યારે સંબંધોના સમીકરણમાં લાગણી, વિશ્વાસ, સમજણ, અપેક્ષા અને ત્યાગનું સંતુલન જાળવવું પડે છે.

સંબંધો લોહીના હોય કે લાગણીના, મિત્રતાના હોય કે વ્યવસાયિક;દરેક સંબંધની પોતાની એક ભાષા હોય છે. ક્યાંક શબ્દો જરૂરી બને છે, તો ક્યાંક માત્ર મૌન જ ઘણું કહી જાય છે. પરંતુ આજના સમયમાં સંબંધોમાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણે સમજવા કરતાં સમજાવવાની અને સાંભળવા કરતાં સંભળાવવાની ઉતાવળ વધારે રાખીએ છીએ.

ઘણા સંબંધો કોઈ મોટી ભૂલને કારણે તૂટતા નથી, પરંતુ નાની-નાની ગેરસમજણો, અહંકાર અને અપેક્ષાઓના ભારથી ધીમે ધીમે નબળા પડતા જાય છે. એક વ્યક્તિ વિચારે છે કે, "એણે મને ફોન કેમ ન કર્યો?" બીજી વ્યક્તિ વિચારે છે, "મારે કામમાંથી નવરાશ મળે ત્યારે ફોન કરીશ." બંને પોતાની જગ્યાએથી એક બીજાને યાદ તો કર્યા કરે છે પણ આ રીતે વિચારીને યાદ કરે છે.પરિણામે ફી હોય તે સાચા હોવાનો આગ્રહ રાખે છે અને વ્યસ્ત હોય તે મનમાં વસવસો વ્યક્ત કરે છે.પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ સમજ્યા વગરનું અનુમાન કે અપેક્ષા બે વ્યક્તિ વચ્ચેનું અંતર વધારે છે.

સંબંધોનું સુંદર સમીકરણ ત્યારે બને છે જ્યારે તેમાં 'હું' કરતાં 'આપણે'નું મહત્વ વધારે હોય. સંબંધોમાં હંમેશાં પોતાનું જ સાચું સાબિત કરવાનો પ્રયાસ કરવો જરૂરી નથી. ઘણી વખત સંબંધ બચાવવા માટે સાચા હોવા છતાં થોડું મૌન ધારણ કરવું પડે છે. કારણ કે કેટલીક દલીલો આપણને જીતાડે છે, પરંતુ સંબંધને હરાવી દે છે.

સંબંધોમાં અપેક્ષા સ્વાભાવિક છે, પરંતુ અતિશય અપેક્ષા સંબંધોને ભારરૂપ બનાવી દે છે. આપણે સામેની વ્યક્તિ પાસેથી જે અપેક્ષા રાખીએ છીએ, તે જ માપદંડથી તેની કસોટી કરીએ છીએ. પરંતુ દરેક વ્યક્તિની પરિસ્થિતિ, વિચારવાની રીત અને લાગણીઓ અલગ હોય છે. તેથી તંદુરસ્ત સંબંધો જાળવી રાખવા માટે સમજણનું પ્રમાણ વધારવું અને અપેક્ષાનું પ્રમાણ ઘટાડવું જરૂરી છે.

સારા સંબંધોની સૌથી મજબૂત ઈંટ છે :વિશ્વાસ. વિશ્વાસ એક દિવસમાં ઊભો થતો નથી પણ એક ક્ષણમાં તૂટી શકે છે. એકવાર વિશ્વાસમાં તિરાડ પડે પછી સંબંધ ઉપરથી સામાન્ય દેખાય છતાં અંદરથી ખાલી થઈ શકે છે. એટલે સંબંધોમાં પારદર્શિતા અને પ્રામાણિકતા ખૂબ જરૂરી છે.અને સામસામે બન્ને વ્યક્તિમાં નિખાલસતા,સહજતા અને મેચ્યોરિટી પણ એટલી જ જરૂરી છે.

માતા-પિતા અને સંતાનો, પતિ-પત્ની, ભાઈ-બહેન, મિત્રો કે સહકર્મીઓ આ બધા સંબંધને મોટે ભાગે સમય જોઈતો હોય છે. પૈસા આપવાથી ઘણી વસ્તુઓ ખરીદી શકાય છે, પરંતુ જરૂરિયાતના સમયે હાજરી અને લાગણી આપ્યા વગર સંબંધોની ઉષ્મા ખરીદી શકાતી નથી. ક્યારેક વર્ષોનો સહવાસ કડવો લાગવા માંડે છે તો ક્યારેક પાંચ મિનિટનો પ્રેમભર્યો સંવાદ પણ વર્ષોની નારાજગી ઓગાળી શકે છે.ગણિતના સમીકરણો મોટે ભાગે જોપઅને તોપ.ની થિયરીથી ઉકેલી શકાતા હોય છે ,જ્યારે જીવનના સબન્ધરૂપી સમીકરણો જોપઅને તોપની દલીલો અને તર્કથી નહીં પણ જે છે તેનો સહજ સ્વીકાર કરવાથી સરળતાથી ઉકેલી શકાય છે.

સંબંધોમાં માફી પણ ખૂબ મોટું મૂલ્ય ધરાવે છે. ભૂલ દરેકથી થાય છે, પરંતુ માફ કરવાની ક્ષમતા દરેકમાં હોતી નથી. માફ કરવું એટલે ભૂલને સાચી ઠેરવવી નહીં, પરંતુ પોતાના મનને ભારમુક્ત કરવું. સંબંધો સાચવવા માટે ક્યારેક એક પગલું આપણે પાછળ હટવું પડે છે, કારણ કે દરેક સંબંધમાં કોણ સાચું છે એ કરતાં સંબંધ સાચો રહે એ વધુ મહત્વનું છે.

અંતે એટલું જ કહી શકાય કે જીવનની સફળતા માત્ર પૈસા, પદ કે પ્રતિષ્ઠાથી માપી શકાય નહીં. જીવનના અંતે આપણી પાસે કેટલા લોકો હતા, જેઓ આપણને દિલથી યાદ કરે છે,એ પણ જીવનની મોટી કમાણી છે.આમ સંબંધોના સમીકરણો ઉકેલવા કરતા સહજ રીતે સ્વીકારી લેવાથી સબંધો જાળવી શકાય છે.

**સંબંધો કાચ જેવા હોય છે, તૂટે ત્યારે અવાજ ઓછો થાય છે, પણ તેની કરચો ઘણી વાર દિલમાં રહી જાય છે. એટલે સંબંધોને જીતવા નહીં, સમજવા અને સાચવવા જોઈએ. સંબંધોના સમીકરણમાં 'હું' અને 'તું' ની સરખામણી નહીં,**

# ગામડાંની વચ્ચે જઈને ગ્રામજીવનને પ્રાકૃતિક કૃષિ સમજ આપી અને વિકાસ સાથે જોડવાની અનોખી પહેલ કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



ગામડું ભારતનો આત્મા છે. ખેડૂત, ખેતમજૂર અને પશુપાલક ગ્રામ્ય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ગામનો વિકાસ થાય તો જ રાજ્ય અને દેશનો સર્વાંગી વિકાસ શક્ય બને. આ વિચારને કેન્દ્રમાં રાખીને ગુજરાતના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતજી દ્વારા ગામડાં સુધી પહોંચીને ગ્રામજનો સાથે સીધો સંવાદ કરવાની એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી રહી છે.

ચાલો ગામડા તરફની ભાવના સાથે હાથ ધરાયેલી આ ગ્રામકલ્યાણ યાત્રાનો મુખ્ય હેતુ માત્ર ગામની મુલાકાત લેવાનો નથી, પરંતુ ગામડાંના લોકોની વચ્ચે જઈને તેમની વાસ્તવિક પરિસ્થિતિ સમજવી, તેમની કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાનો છે. મુખ્ય અને મહત્વનો હેતુ પ્રાકૃતિક ખેતીની માહિતી જન જન સુધી પહોંચાડવાનો છે

વડાપ્રધાન શ્રીનરેન્દ્ર ભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે પણ ગામડાંમાં જઈને લોકો સાથે સીધો સંવાદ અને રાત્રિ રોકાણ જેવા લોકસંપર્કની પરંપરાને પ્રોત્સાહન આપ્યું હતું. લોકોની વચ્ચે જઈને તેમની વાત સાંભળવાથી જ વિકાસની સાચી જરૂરિયાતો સમજી શકાય છે. આ જ ભાવનાને આગળ વધારતા રાજ્યપાલશ્રીની આ પહેલ ગ્રામ્ય સમાજમાં સંવાદ અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે.

આ પહેલ અંતર્ગત દર અઠવાડિયે ગુજરાતના વિવિધ તાલુકાઓ પૈકી એક તાલુકાના એક ગામડાંની મુલાકાત લઈને ગ્રામજીવનને નજીકથી સમજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગામની મુલાકાત દરમિયાન માત્ર ઔપચારિક કાર્યક્રમો નહીં, પરંતુ ગ્રામ વિકાસ સાથે જોડાયેલી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

એક પેડ મા કે નામની ભાવનાને આગળ વધારતાં વૃક્ષારોપણ કરવામાં આવે છે અને ગ્રામજનોને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કરવામાં આવે છે. સાથે જ સામૂહિક ગ્રામસફાઈ, સ્વચ્છતા અને જનભાગીદારી અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો, ખેતમજૂરો, પશુપાલકો, મહિલાઓ, યુવાનો તથા અન્ય ગ્રામ્ય પરિવારો માટેની વિવિધ યોજનાઓની માહિતી ગ્રામજનો સુધી પહોંચાડવામાં આવે છે. યોજનાની જાહેરાતથી આગળ વધીને તેનો લાભ ખરેખર જરૂરિયાતમંદ સુધી પહોંચે તે માટે જાગૃતિ ઊભી કરવી આ પહેલનું મહત્વનું પાસું છે. આ ગ્રામયાત્રાની એક વિશેષ બાબત સામાજિક સમરસતા છે. રાજ્યપાલશ્રી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના પરિવારો સાથે ભોજન કરીને સામાજિક એકતાનો સંદેશ આપે છે.



## ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

ગ્રામજનો સાથે બેસીને ગ્રામસભા યોજે છે અને ગામની સમસ્યાઓ તથા વિકાસની સંભાવનાઓ અંગે સીધો સંવાદ કરે છે. રાજ્યપાલ જેવા બંધારણીય પદ પર અનેક પ્રોટોકોલ લાગુ પડતા હોવા છતાં ગામમાં સામાન્ય માણસની જેમ લોકો વચ્ચે બેસવું અને ગ્રામ પંચાયત કચેરી કે પ્રાથમિક શાળા જેવા સ્થળે રાત્રિ રોકાણ કરવું એ ગ્રામજનો સાથે આત્મીયતાનો સંદેશ આપે છે. લોકશાહીની સાચી તાકાત માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી તંત્રમાં નથી, પરંતુ લોકોની વાત સાંભળવામાં અને તેમને વિકાસની પ્રક્રિયાના ભાગીદાર બનાવવામાં છે.

ગુજરાતના ગામડાંમાં ખેતી સાથે પશુપાલન લાખો પરિવારોની આવકનો મહત્વનો આધાર છે. તેથી પશુપાલક પરિવારો સાથે સીધો સંવાદ આ યાત્રાનું મહત્વનું પાસું છે.

દેશી ગાયનું મહત્વ, પશુઆરોગ્ય, પશુપાલનની વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને પશુપાલન દ્વારા ગ્રામ્ય પરિવારની આવકમાં વધારો કેવી રીતે થઈ શકે તે અંગે જાગૃતિ જરૂરી છે. નિયમિત દૂધની આવકને કારણે પશુપાલન ખેડૂતો માટે આવકનું સ્થિર સાધન બની શકે છે. ખેતી અને પશુપાલનને એકબીજાના પૂરક વ્યવસાય તરીકે વિકસાવવાથી ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂતી મળી શકે છે.

આજે ખેડૂતો સામે જમીનની તંદુરસ્તી, પાણીની ઉપલબ્ધતા, ખેતી ખર્ચ, હવામાન પરિવર્તન અને બજારના ઉતાર-ચઢાવ જેવા અનેક પડકારો છે. આવી સ્થિતિમાં જમીનની ફળદ્રુપતા જાળવવી અને ખેતીને વધુ ટકાઉ બનાવવી જરૂરી છે.

રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે સતત જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. દેશી ગાય આધારિત જીવામૃત, ઘનજીવામૃત તથા અન્ય પ્રાકૃતિક ખેતીના અભિગમો અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય વિચાર માત્ર રાસાયણિક ઈનપુટ ઘટાડવાનો નથી; જમીનની તંદુરસ્તી, પાણીનું સંરક્ષણ, ખેતી ખર્ચમાં ઘટાડો અને લાંબા ગાળે જમીનની ઉત્પાદકતા જાળવવાનો પણ છે.

ખેડૂત જો આજે જમીનની સંભાળ લેશે તો આવતી પેઢીને માત્ર કાગળ પરનો ૭/૧૨ ઉતારો નહીં, પરંતુ વાસ્તવમાં ફળદ્રુપ અને ઉપજાઉ જમીન વારસામાં આપી શકશે. વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપયોગ અને વધુ પડતા જંતુનાશક દવાઓના ઉપયોગથી આજે જમીનની ઉત્પાદન ક્ષમતા ઘટી ગઈ છે તેમજ પેસ્ટીસાઈડના હિસાબે અને ગંભીર બીમારીઓથી જનતા પીડાઈ રહી છે. અને અકાળે કેન્સર જેવી બીમારી થી મોતના મુખમાં ધકેલાઈ રહી છે ત્યારે ખેતીમાં ખર્ચ ઘટાડો કરીને સારું ઉત્પાદન મેળવવા માટે આજે પ્રાકૃતિક ખેતી જરૂરી બની છે એ વાત વૈજ્ઞાનિક આધાર પુરાવા સાથે રાજ્યપાલશ્રી ગામડે ગામડે જઈને ખેડૂતોને સમજાવી રહ્યા છે આ યજ્ઞ સેવાનો યજ્ઞ છે આ યજ્ઞ ધરતીને ફરીથી જીવંત બનાવવા માટેનો છે આ યજ્ઞ દેશની જનતાને ગંભીર બીમારીથી બચાવવા માટેનો છે.

આચાર્ય દેવવ્રતજીની આ પહેલનો સૌથી મહત્વનો સંદેશ એ છે કે ગામડાંની સમસ્યાઓનું સાચું ચિત્ર ગામની વચ્ચે જઈને જ જોઈ શકાય.

ખેડૂતની મુશ્કેલી શું છે? પશુપાલકની આવક કેવી રીતે વધે? ખેતમજૂરને રોજગારી કેવી રીતે મળે? યુવાનોને ગામમાં જ નવી તકો કેવી રીતે મળે? સરકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચે? આ પ્રશ્નોના જવાબો કાગળ પરની યોજનાઓ કરતાં ગામની વાસ્તવિક પરિસ્થિતિમાંથી વધુ સારી રીતે મળી શકે છે.

આથી આ યાત્રા માત્ર એક સરકારી કાર્યક્રમ નથી. તે ગામને સાંભળવાની, ગામને સમજવાની અને ગામને વિકાસનું સક્રિય ભાગીદાર બનાવવાની વિચારયાત્રા છે. ગામ જાગશે તો ગુજરાત આગળ વધશે. વિકાસ માત્ર સરકારની જવાબદારી નથી. સરકાર યોજના બનાવી શકે, સંસાધનો આપી શકે અને માર્ગદર્શન આપી શકે; પરંતુ ગામના વિકાસમાં ગ્રામજનોની સક્રિય ભાગીદારી સૌથી મહત્વની છે. ગામ મજબૂત હશે તો ખેડૂત મજબૂત બનશે. ખેડૂત મજબૂત બનશે તો ગ્રામ અર્થતંત્ર મજબૂત બનશે. ગ્રામ અર્થતંત્ર મજબૂત બનશે તો ગુજરાત મજબૂત બનશે. અને મજબૂત ગુજરાત વિકસિત ભારતના સંકલ્પને વધુ ગતિ આપશે. આવો, આપણે પણ શહેરથી ગામ તરફ માત્ર નજર ન કરીએ, પરંતુ ગામ તરફ એક પગલું આગળ વધીએ. ગામ જાગશે, ખેડૂત આગળ વધશે અને ભારત વિકસિત બનશે.

લોક ભવનની સુખ સુવિધાઓથી ઉપર ઊઠીને ગુજરાતના ખેડૂતો માટે રાજ્યપાલ આચાર્ય દેવ્રતજી ખરા અર્થમાં પ્રાકૃતિક કૃષિના રૂષિ તરીકે ખેડૂતોને જાગૃત કરવાનું કામ કરી રહ્યા છે.


**:: તિખારો ::**

**કોઈ વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે સત્યને પરેશાન કરી આપણો ખરાબ સમય લાવવા તનતોડ મહેનત કરે, ત્યારે હિંમત ન હારવી. મહેનત, સંઘર્ષ અને ઈમાનદારીથી ફરી સફળ બનવું અને જ્યારે સફળતા મળે ત્યારે સ્વાર્થી લોકોનો હિસાબ વ્યાજ સહિત ચૂકવવાનું ક્યારેય ભૂલવું નહીં. સમય બદલાય છે, હિસાબ બાકી રહેતો નથી.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો







લાંબા ગાળે વરસાદ પડતા થોડો લાભ ખેડૂતોને થયો અને શિયાળુ પાક અમુક વિસ્તારમાં લઈ શકાશે. ખાસકરીને ઓરવેલી મગફળીમાં આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે. તેમાં પણ આંતરપાક જેવાકે તુવેર, એરંડા , જુવાર જેવાપાકો માટે ફાયદારૂપ છે . વરસાદના પાણીનો જેટલો પણ સંગ્રહ થાય તેટલો કરવો. ઉત્પાદન આવી શકે તેમ ન હોય તેવા પાકોમાં તેમજ ખાલી પડતર જમીનમાં ઘાંસચારાના પાકોનું વાવેતર કરવું.

**મગફળીઃ**

● મગફળી જો ઉપાડતા હોય તો ડોડવા ઓછા તૂટે તેનું ધ્યાન રાખવું.

● ભેજ વાળી મગફળીનો સંગ્રહ કરવો નહિ.

● વરસાદની આગાહી ધ્યાનમાં રાખી મગફળી ઉપાડવી.

● મગફળી ૯૦ દિવસની થઈ હોય તો ૦-૦-૫૦ સાથે ઝીબ્રાલિક મિક્સ કરી છંટકાવ કરો

**દિવેલાઃ** ઘોડીયા ઈયળના નિયંત્રણ માટે કવીનાલફોસ (૦.૦૫%) ૨૦ મીલી અથવા કલોરપાયરીફોસ (૦.૦૪%) ૨૦ મીલી ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**કપાસઃ**

● પુખ્ત ચાંચવાને મારવા માટે ક્વીનાલફોસ ૧.૫ ટકા ભૂકી અથવા ફેનવાલરેટ ૦.૪ ટકા ભૂકી પ્રતિ હેક્ટરે ૨૫ કિગ્રા પ્રમાણે કપાસના પાક પર છાંટવી. આ દવા શેઢાપાળા પર પણ છાંટવી.

● કપાસ સાવ સુકાઈ ગયો હોય અથવા રીકવર થાય તેમ ન હોય તો તેને ઉપાડી સાંઠીયુંને ખાડમાં નાખી દેવી.

● રવિ પાક માટે નું આયોજન કરો.

● MDP ટ્યુબનો ગુલાબી ઈયળ માટે ઉપયોગ કરો હેક્ટર માં ૧૦૦૦ ટપકા મુકવા..

● વરસાદ પછી વધુ ભેજ હોય તો એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું. સારી સ્થિતીમાં વરાપ હોય તો યુરીયા ખાતર આપવું.

● વૃદ્ધિ માટે ૧૯-૧૯-૧૯ , ૧૦૦ ગ્રામ સાથે ગ્રેડ-૪ માઈક્રોન્યુટ્રીયન્ટ પમ્પમાં ૨૫ ગ્રામ નાખી છંટકાવ કરવો.

● અત્યારે ખાસકરીને ૪ જી તેમજ ૫ જી માં વચ્ચે છોડ પીળા પડી સુકાઈ જાય છે તો તેના માટે તેમાં વધારાનો ખર્ચ કરશો નહિ.

● **તલઃ** ઉભડામાં લાગતા કાળા ભૂરા ચુસીયા માટે ખેતરમાં ઉભડા કરવાની જગ્યાએ તથા ઉભડા ફરતે જમીન ઉપર સાઈપરમેથ્રીન ૦.૨૫ % ભુકીનો છંટકાવ કર્યા પછી જ તલના ઉભડા કરવા. ઉભડા ઉપર દવાનો છંટકાવ કરવો નહી. આમ કરવાથી જંતુનાશક દવા તલના દાણાં સાથે ભળતી અટકાવી શકાય.

**ઘઉં:** ઘઉંનું વહેલા વાવેતર કરવું નહિ.

**તુવેર : તડતડિયાઃ ઓળખ :** બચ્ચાં તેમજ પુખ્ત બંને આછા-લીલા રંગના અને ફાચર આકારના હોય છે અને તેમને અડકતા ત્રાસા ચાલે છે. પાંખની પહેલી જોડની પાછળની ધાર પાસે કાળા ટપકાં હોય છે. છોડને સહેજ હલાવતા પુખ્ત કીટકો ઉડે છે અને તડ-તડ અવાજ પણ આવે છે.

**નુકસાન :** બચ્ચાં તેમજ પુખ્ત કીટક છોડનાં કુમળા ભાગમાંથી રસ ચુસે છે. પરિણામે પાનની ધાર પીળી પડી જાય છે. વધારે ઉપદ્રવ થતા પાન નિસ્તેજ બની અંદરની બાજુ વળી વાટકા આકારના થઈ જાય છે. વધુ ઉપદ્રવને લીધે પાન તામ્રવણા થઈ સુકાવા લાગે છે અને અંતે ખરી પડે છે, જેથી પાક ઉત્પાદન પર માઠી અસર થાય છે. આ જીવાત ખાસ કરીને ચોળા તેમજ મગનાં પાકમાં વિશેષ પ્રમાણમાં નુકસાન કરે છે.

**તલઃ** અર્ધ શિયાળુ તલ માટે પૂર્વા તલ – ૧નું વાવેતર કરવું.

**શાકભાજીઃ**

● શાકભાજીમાં ભૂકી છારાના નિયંત્રણ માટે થયોફેનેટ મિથાઈલ ૭૦ ટકા વે.પા. ૭ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

● સફેદમાખીના નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૦.૦૦૫ ટકા (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી), ટ્રાયઝોફોસ ૦.૦૪ ટકા (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા મિથાઈલ-ઓ-ડીમેટોન (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ વારાફરતી કરવો.

**રીંગણીમાં છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળોઃ** ખાધ પદાર્થ, શાકભાજી અને અનાજમાં જંતુનાશક રસાયણોના અવશેષો મહત્તમ અવશેષ મર્યાદા તે નુકસાનકારક સાબિત થાય છે, જેથી રીંગણી ઉપર જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો (વેઈટીંગ પીરીયડ) નકકી કરવામાં આવે છે. આ ભલામણ કરેલ સમય બાદ રીંગણી ઉતારવામાં કાળજી લેવામાં આવે તો મનુષ્યની તંદુરસ્તીને થતું નુકસાન અટકાવી શકાય છે. જુદી જુદી દવાઓનો વેઈટીંગ પીરીયડ જુદો જુદો હોય છે પરંતુ એકજ દવાનો જુદા જુદા પાક માટે પણ વેઈટીંગ પીરીયડ જુદો જુદો હોય છે.

**જુવારઃ**

● જુવારના મધિયાથી બચવા માટે ઝાયરમ ૦.૨ ટકાના બે છંટકાવ જેમાં પ્રથમ છંટકાવ ફૂલ અવસ્થા પહેલાં અને બીજો છંટકાવ ૫૦% ફૂલ અવસ્થા દરમ્યાન કરવાથી મધિયાના રોગને કાબૂમાં લઈ શકાય છે.

● ઘાસચારાની જુવારમાં દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

**મકાઇ :**



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● મકાઈમાં ગાભામારાની ઈયળ ના નિયંત્રણ માટે ઉગાવા પછી ૩૦ થી ૪૦ દિવસે કાર્બાફ્યુરાન ૩જી ૧૦ કી./હે છાટવાની ભલામણ છે

**બાજરી :** બાજરીમાં ડુંડા અવસ્થાએ ફુલ બેસવાના સમયે થાયરમ ૨૦ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**બીડી તમાકુ :** બીડી તમાકુમાં ધરું ઉછેર માં એઝોકસીસ્ટ્રોબીન ૧૦ મીલી / ૧૦ લીટર પાણીમાં નાખી, ધરુંવાડિયામાં છંટકાવ કરવો .

**સોયાબીન : પાક સંરક્ષણ :**

● મધ્ય તથા દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સોયાબીનની શરૂઆતની નાની અવસ્થાએ જ ગોકળ ગાય (સ્લગ-સ્નેઈલ) પાકને નષ્ટ કરી શકે છે. જેથી ગોકળગાયનું સંકલિત નિયંત્રણ કરવા માટે તકેદારીનાં પગલાં હાથ ધરવા. સોયાબીન પાકની મુખ્ય જીવાતોમાં ગર્ડલ બીટલ, પાનકોરીયું, થ્રિપ્સ, તડતડીયા, મોલો, સેમીલૂપર, ભુખરું ચાંચવું, પાન વાળનારી ઈયળ, કટ વોર્મ (થડ કાપનારી ઈયળ), થડની માખી અને લશ્કરી ઈયળ (પ્રોડેનીયા) વગેરે છે. ઉપરોકત જીવાતના નિયંત્રણ માટે વાવણી પહેલાં ૧૦ થી ૧૫ કિ.ગ્રા./ હે. ફોરેટ ૧૦ જી. અથવા ૨૫ થી ૩૦ કિ.ગ્રા./ હે. કાર્બોફ્યુરાન ૩ જી. ચાસમાં આપવું, તેમજ ૧૫ દિવસના ગાળા બાદ કવીનાલફોસ ૦.૦૫ ટકા અથવા ડાયમીથોએટ ૦.૦૩ ટકા, અને શીંગની ઈયળોનો પાકની પાછલી અવસ્થાએ ઉપદ્રવ હોય તો કાર્બરિલ ૪ ટકા ડસ્ટ ભૂકી સ્વરૂપે છાંટવું ઉત્તમ છે. સોયાબીન પાકના મુખ્ય રોગોમાં મૂળનો સુકો સડો, પાનનાં ટપકાં, કુતુલનો રોગ, વિષાણુથી થતો પચરંગિયો વગેરે જોવા મળે છે, તેનું નિયંત્રણ કરવા કરતાં રોગ પ્રતિકારક જાતનું વાવેતર કરવું.

**તુવેરઃ**

● તુવેરના પાકમાં ફુલ અવસ્થા અને શીંગોમાં દાણા ભરાવાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય તો પિયત આપવું.

● લીલી ઈયળનાં નિયંત્રણ માટે નર ફૂંદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા. આ જીવાતનું એનપીવી ૪૫૦ એલઈ/હે છાંટવું. લીમડાની લીંબોળીનો અર્કનો ઉપયોગ કરવો. અથવા મિથાઈલ પેરાથીઓન અથવાડાયક્લોરવોશ અથવાક્વિનાલફોસ પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ કરવો.

**ઔષધિય પાક (અશ્વગંધા) : કટ વોર્મ જીવાત**

● ઈયળોને હાથ વડે પકડીને તેનો નાશ કરવો.

● પાકની વાવણી પહેલા નીંદણનો વ્યવસ્થિત નિકાલ કરી નાશ કરવો.

● પાક વાવતી વખતે ચાસમાં કાર્બોફયુરાન ૩ જી ૩૩ કિગ્રા હે પ્રમાણે આપવું.

**બાગાયતઃ** ● લીંબુમાં ગુંદરીયાનાં નિયંત્રણ માટે બોર્ડો પેસ્ટ લગાવી અને ફોઝોટાઈલ ૦.૨% નો અસગ્રસ્ત ઝાડમાં છંટકાવ કરવો

● દેશી નાળીયેરીમાં ખારા ખેતીમાં ઝાડ દિઠ ૬૦ કિલો છાણીયું ખાતર આપવું.

● **ચીકુની કળી કોરનાર ઈયળ :**

આ જીવાત ની ઈયળ રતાશ પડતી ઘેરા બદામી રંગના માથાવાળી અને માથા પર સફેદ પટો ધરાવતી હોય છે. ઈયળ ચીકુની કળી તથા ફૂલમાં કાણાં પાડી અંદરનો ગર્ભ કોરી ખાય છે પરિણામે ફળો બેસતાં નથી.નવી પીલવણી વખતે કુમળા પાનને ખાઈને પણ નુકશાન કરે છે. આ જીવાતનો ઉપદ્રવ આખા વર્ષે દરમ્યાન જોવા મળે છે. પરંતુ ફેબ્રુઆરી થી જૂન મહિના દરમ્યાન નુકશાન વધતું જાય છે.

**નિયંત્રણ :** આ જીવાતના નિયંત્રણ માટે ફેબ્રુઆરીના બીજા પખવાડીયાથી શરૂ કરીને એક મહિનાના અંતરે ૧૦ લિટર પાણીમાં ડાયકલોરવોશ ૩ મિ. લિ. પ્રવાહી દવાના ત્રણ છંટકાવ કરવા જોઈએ.

**રીંગણ :** ડુંખ અને ફળ કોરી ખાનારી ઈયળ માટેરીંગણીની ફેરરોપણી સપ્ટેમ્બર ની શરૂઆતમાં કરવાથી ઓછો ઉપદ્રવ આવે છે. ફેરરોપણીનાં એક મહિના બાદ ૪૦ ફેરોમોન ટ્રેપ / હે. સામુહિક ધોરણે મુકવા.કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લી. અથવા એમાંમેક્ટીન બેન્ઝોએટ ૫ વેપા ૩ ગ્રામ અથવા થાયોડીકાર્બ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા કલોરાનટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લી. અથવા સાયપરમેથ્રીન ૧૦ ઈસી ૧૦ મિ.લી. અથવા ડેલ્ટામેંથ્રીન ૨.૮ ઈસી ૧૦ મિ.લી. અથવા લેમડાસાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મી.લી. અથવા થાયોડીકાર્બ ૭૫ વેપા ૫ મિ.લી. અથવા ડેલ્ટામેંથ્રીન ૧% + ટ્રાયઝોફોસ ૩૫% ૧૦ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. **મરચીઃ** થ્રીપ્સ માટે ફેરરોપણી બાદ ૧૫ દિવસે ખેતરમાં છોડની ફરતે કાર્બોફયુરાન ૩ જી ૧૫ કિ.ગ્રા. / હે. પ્રમાણે આપવી. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક)નો છંટકાવ કરવો. **શેરડીઃ** ● શેરડીમાં ભીંગડાવાળી ઈયળનાં નિયંત્રણ માટે કાર્બાફયુરાન ૩ ટકા દાણાદાર હેકટરે ૨ કિલો મુજબ આપવું પાનકથીરી નાં નિયંત્રણ માટે ડાયકોફોલ ૧૫ મીલી અથવા દ્રાવ્ય ગંધક (સલ્ફર) ૨૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

# વરસાદ, વાવેતર અને વરાપ : ખેડૂતો માટે ખાસ કૃષિ સલાહ



ચાલુ વર્ષે ગુજરાતમાં ચોમાસું બે વિરોધાભાસી ચિત્રો રજૂ કરી રહ્યું છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિ છે, જ્યારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરાપ (વરસાદનો વિરામ) લાંબો ખેંચાયો છે. આ વિષમ પરિસ્થિતિમાં ખરીફ પાકોને બચાવવા માટે વૈજ્ઞાનિક કાળજી ખૂબ જ જરૂરી છે.

ગુજરાત રાજ્યના કૃષિ વિભાગના ઓગસ્ટ ૨૦૨૬ના તાજેતરના સાપ્તાહિક અહેવાલમુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ૭૬,૧૭,૧૦૪ હેક્ટર (આશરે ૮૯.૨૯%) જમીન પર ખરીફ વાવેતર સંપન્ન થયું છે. રાજ્યમાં સરેરાશ૬૮૦.૧૮ મીમી (મોસમના ૭૪.૮૪%) વરસાદ નોંધાયો છે, પરંતુ દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિ અને સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં ક્યાંક વરસાદ ખેંચાવાના કારણે મિશ્ર વાતાવરણ છે.

**મુખ્ય પાકોનું વાવેતરઃ**

ડો. એચ. કે. દેસાઈ, ડો. જે. ડી. દેસાઈ,
ડો. એન. કે. રાઠોડ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, અરણેજ,
તા.ધોળકા, જી. અમદાવાદ

● કપાસ (Cotton):૨૧,૩૫,૦૯૪ હેક્ટર (સામાન્ય વિસ્તારના ૮૯.૫૯%).

● મગફળી (Groundnut):૨૦,૫૮,૯૬૩ હેક્ટર (સામાન્ય વિસ્તારના ૧૦૭.૫૦%).

● સોયાબીન (Soybean):૩,૦૨,૪૧૦ હેક્ટર (સામાન્ય વિસ્તારના ૧૦૭.૫૧%).

● ડાંગર (Paddy):૮,૮૮,૪૯૪ હેક્ટર.

● તુવેર (Tur):૨,૬૧,૫૧૯ હેક્ટર

મુખ્ય પાકો અને હાલના વાતાવરણ આધારિત રાખવાની ખાસ કાળજી

૧) કપાસ (Cotton)

● સ્થિતિઃપાક હાલ ચાપવા અને જીંડવા બેસવાની અવસ્થામાં છે.

● કાળજીઃ

● સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં જ્યાં વરસાદ ખેંચાયો છે ત્યાં જીવનરક્ષક પિયત (લાઈફ સેવિંગ ઈરિગેશન) આપવું.

● વાતાવરણ ભેજવાળું હોવાથીગુલાબી ઈયળ (Pink Bollwrom)નો ઉપદ્રવ શરૂ થઈ શકે છે, જેના માટે ફેરોમોન ટ્રેપ ગોઠવવા.

● દક્ષિણ ગુજરાતના પાણી ભરાયેલા ખેતરોમાંથી તુરંત નિકાલ કરવો જેથી મૂળ સડી ન જાય.

૨) મગફળી (Groundnut)

● સ્થિતિઃસુયારા બેસવા અને પોપટા ભરાવાની મહત્વની અવસ્થા.

● કાળજીઃ

● આ અવસ્થાએ મગફળીને ભેજની સૌથી વધુ જરૂર હોય છે. જો વરસાદ ન હોય તો સ્પ્રિંકલર કે અન્ય પધ્ધતિથી પિયત આપવું.

● પાકમાં આંતરખેડ (નડતરૂપ ઘાસ દૂર કરવું) બંધ કરવી જેથી સુયારા જમીનમાં સહેલાઈથી ઉતરી શકે.

● પાનના ટપકાં (ટીક્કા) અને ગેરુ રોગના નિયંત્રણ માટે યોગ્ય ફૂગનાશકનો છંટકાવ કરવો.

૩) સોયાબીન (Soybean)

● સ્થિતિઃફૂલ આવવાથી માંડીને શિંગો ભરાવાની અવસ્થા.

● કાળજીઃ

● આ પાકમાંપીળો મોજેઈક વાયરસ (Yellow Mosaic Virus)સફેદ માખી દ્વારા ફેલાય છે. સફેદ માખીના નિયંત્રણ માટે ચીકણા પીળા ચોસલા (Yellow Sticky Traps) લગાવવા અથવા ભલામણ કરેલ કીટનાશક છાંટવું.

● ફૂલ આવવાના મુખ્ય સમયે કીટનાશકોનો વધુ પડતો છંટકાવ ટાળવો. જેથી પરાગનયન કરતા મધમાખી જેવા જીવજંતુઓ સુરક્ષિત રહે.

૪) ડાંગર (Paddy)

● સ્થિતિઃફુટ આવવાની અથવાગાભે આવવાની શરૂઆત (Tillering to Panicle Initiation).

● કાળજીઃ

● દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ડાંગરના ક્યારામાં પાણીનું સ્તર જાળવી રાખવું.

● કંટી બેસવાની આ અવસ્થાએ નાઈટ્રોજન (યુરિયા) નો હપ્તો પૂર્તિ ખાતર તરીકે આપવો.

● ગાંઠિયો અળસિયો કે લશ્કરી ઈયળના ઉપદ્રવ સામે દેખરેખ રાખવી.

૫) શાકભાજીના પાકો (Vegetables)

● હાલની પરિસ્થિતિઃચોમાસુ શાકભાજી (ચોળી, ભીંડા, ગવાર, દૂધી, રીંગણ, મરચી) હાલ વૃદ્ધિ અને ફ્લાવરિંગ અવસ્થામાં છે.

● રાખવાની ખાસ કાળજીઃ

● પાણીનો નિકાલઃશાકભાજીના પાકો મૂળના સડા પ્રત્યે ખૂબ સંવેદનશીલ હોવાથી ખેતરમાં પાણી ભરાવા ન દેવું.

● ચૂસિયા જીવાતોઃવાતાવરણના ભેજને કારણે થ્રિપ્સ, મોલો-મશી અને સફેદ માખીનો ઉપદ્રવ વધે છે. તેના નિયંત્રણ માટે લીંબોળીના તેલનો અથવા ભલામણ કરેલ હળવી કીટનાશકનો છંટકાવ કરવો.

● ડ્રોપિંગ અટકાવવાઃવધુ પડતા વરસાદથી ફૂલ ખરી ન પડે તે માટે પૂરતી વરાપ થવા દેવી.

૬) દિવેલા / એરંડા (Castro)

● હાલની પરિસ્થિતિઃદિવેલા લાંબા ગાળાનો પાક હોવાથી ઓગસ્ટ માસ દરમિયાન તેની વાવણી અને પ્રારંભિક વૃદ્ધિની અવસ્થા હોય છે.

● રાખવાની ખાસ કાળજીઃ

● આંતરખેડઃશરૂઆતના ૩૦ થી ૪૦ દિવસ પાકને નીંદણમુક્ત રાખવો ખૂબ જરૂરી છે, જેથી છોડનો વિકાસ સારો થાય.

● ઘોડિયું ઈયળ (Semi-looper):પાન ખાનારી ઘોડિયું ઈયળની દેખરેખ રાખવી. શરૂઆતના સ્ટેજમાં ઈયળો હાથથી વીણીને નાશ કરવો.

● ખાતર વ્યવસ્થાપનઃજો વાવણી મોડી કરી હોય, તો પાયામાં ફોસ્ફરસ અને નાઈટ્રોજન ખાતરનો યોગ્ય ડોઝ આપવો.

૭) મગ અને અડદ (Green Gram & Black Gram)

● હાલની પરિસ્થિતિઃચાલુ વર્ષે કઠોળનું વાવેતર ૧૦૦% ને પાર કરી ગયું છે. પાક હાલ શિંગો બેસવાની ખૂબ જ મહત્વની અવસ્થામાં છે.

● રાખવાની ખાસ કાળજીઃ

● ભેજની કટોકટીઃમગ-અડદ ટૂંકા ગાળાના પાક છે. શિંગો ભરાતી વખતે જો જમીનમાં ભેજ સુકાઈ જાય (વરસાદ ખેંચાય), તો પાક બળી જાય છે. આ સ્થિતિમાં હળવું પિયત આપવું જમીન માટે અમૃત સમાન બનશે.

● પીળો મોઝેક વાયરસઃઅડદઅને મગમાં પીળા પાન થઈ જવાનો રોગ (Yellow Mosaic) વધુ જોવા મળે છે. તે સફેદ માખીથી ફેલાતો હોવાથી તુરંત શોષક પ્રકારની કીટનાશક દવાનો છંટકાવ કરવો.

● લણણી (Harvesting):વહેલા વાવેલા મગની શિંગો પાકી ગઈ હોય તો વરસાદની આગાહી જોઈને સમયસર વીણણી કરી લેવી જેથી દાણા કાળા ન પડી જાય. (ક્રમશઃ)

# ગ્લોબલ વૉર્મિંગના યુગમાં 'કાર્બન સિંક' તરીકે ખેતીની ઉપયોગિતા અને મહત્વ



વર્તમાન સમયમાં, સમગ્ર વિશ્વ જ્યારે 'ગ્લોબલ વૉર્મિંગ' અને અનિયમિત વરસાદ જેવી આફતોનો સામનો કરી રહ્યું છે, ત્યારે ગુજરાતના ખેડૂતો માટે 'કાર્બન ખેતી' (Carbon Farming) એક આશાનું કિરણ બની શકે છે. કાર્બન સિક્વેસ્ટ્રેશન એટલે કે 'કાર્બન સ્થિરીકરણ' એ એક એવી પ્રક્રિયા છે જેમાં હવામાં રહેલા હાનિકારક કાર્બન ડાયોક્સાઈડને છોડ દ્વારા શોષીને જમીનમાં લાંબા સમય સુધી સંગ્રહિત કરવામાં આવે છે.

ડો. રિશી કે કાલરીયા
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
કૃષિ યુનિવર્સિટી, સુરત

**ગુજરાતના ખેડૂતો માટે કાર્બન ખેતીના ફાયદાઃ**

કાર્બન ખેતી માત્ર પર્યાવરણ માટે જ નહીં, પરંતુ ખેડૂતોના આર્થિક હિત માટે પણ અનિવાર્ય છેઃ ભેજ સંગ્રહ શક્તિમાં વધારોઃ જમીનમાં કાર્બનનું પ્રમાણ વધવાથી માટીની પાણી પકડી રાખવાની ક્ષમતા વધે છે, જે સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા ઓછા વરસાદવાળા વિસ્તારો માટે ખૂબ જ ઉપયોગી છે.

**ખાતરના ખર્ચમાં ઘટાડોઃ** સેન્દ્રિય કાર્બન જમીનમાં ઉપયોગી સૂક્ષ્મજીવોની સંખ્યામાં વધારો કરે છે, જેનાથી જમીન કુદરતી રીતે ફળદ્રુપ બને છે.

**ઉત્પાદનમાં સ્થિરતાઃ** આબોહવા પરિવર્તનની અસર સામે પાક વધુ પ્રતિકારક બને છે અને લાંબા ગાળે વધુ નફો આપે છે.

**કાર્બન સ્થિરીકરણ માટેની મુખ્ય પદ્ધતિઓઃ**

ખેડૂતો પોતાની ખેતી પદ્ધતિમાં થોડા ફેરફાર કરીને જમીનને 'કાર્બન સિંક' (Carbon Sink) બનાવી શકે છેઃ

૧. ઓછી ખેડ (Minimal Tillage): ખેતરમાં વારંવાર ઊંડી ખેડ કરવાથી જમીનમાં સંગ્રહિત કાર્બન હવામાં મુક્ત થઈ જાય છે. તેની જગ્યાએ શૂન્ય અથવા ન્યૂનતમ ખેડ અપનાવવાથી કાર્બન જમીનમાં જ સચવાઈ રહે છે.

૨. આચ્છાદન પાક (Cover Cropping): મુખ્ય પાકની લણણી પછી જમીનને ખુલ્લી રાખવાને બદલે તેના પર કઠોળ કે અન્ય ટૂંકા ગાળાના પાક વાવવા જોઈએ. આ પાકોના મૂળ જમીનમાં કાર્બન ઉમેરવાનું કાર્ય કરે છે.

૩. બાયોચાર અને સેન્દ્રિય ખાતરનો ઉપયોગઃ લાકડાના કોલસા જેવા પદાર્થ 'બાયોચાર'ને જમીનમાં ઉમેરવાથી તે હજારો વર્ષો સુધી કાર્બનને જકડી રાખે છે.

વર્ષ ૨૦૨૬માં, ખેતી માત્ર અનાજ પકવવા પૂરતી સીમિત નથી, પરંતુ પર્યાવરણની રક્ષા કરવાનું પણ સાધન છે. જો ગુજરાતના ખેડૂતો કાર્બન ખેતી અપનાવશે, તો ભવિષ્યમાં તેમને 'કાર્બન ક્રેડિટ' દ્વારા વધારાની આવક પણ મળી શકે છે. ચાલો, આપણે જમીનને જીવંત બનાવીએ અને ખેતીને સમૃદ્ધ બનાવીએ.


# જૂનાગઢમાં પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચે ૪૦ શ્રદ્ધાળુઓનું દિલધડક રેસ્ક્યુ



જૂનાગઢ,તા.૨૦

ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. ૨૦ સપ્ટેમ્બરે સવારે ૬થી રાત્રિના ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૮૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં ભાવનગરના મહુવામાં સૌથી વધુ ૪.૨૫ ઈંચ અને ગોંડલમાં ૩.૫ ઈંચથી વધુ વરસાદ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.જૂનાગઢના ગિરનાર જંગલ વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે આત્મેશ્વર મહાદેવ મંદિરના માર્ગ પર પાણીનો પ્રવાહ અચાનક વધી ગયો હતો. ઈન્દ્રેશ્વર નજીક દર્શનાર્થે ગયેલા બાળકો સહિત ૪૦થી વધુ શ્રદ્ધાળુઓ આ પ્રવાહમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વન વિભાગ અને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તમામ લોકોને સહી-સલામત બહાર કાઢ્યા હતા. આ ઉપરાંત, અમદાવાદ અને સુરતના ઉધના-વરાછા વિસ્તારોમાં ભારે વરસાદથી માર્ગો પર પાણી ભરાયા હતા. તાલાલા તાલુકામાં વીજળી પડવાથી એક પશુપાલક યુવકનું મોત નિપજ્યું છે, જ્યારે અમરેલી, ગીર સોમનાથ અને જાફરાબાદના રસ્તાઓ પર નદીઓની જેમ પાણી વહેતા થયા હતા.

# મુંબઈના કોસ્ટલ હાઈવે પર કાર ૭૦ ફુટ નીચે ખાબકી ત્રણ મિત્રોના મોત



**મૃતકોમાં એક યુવક અમદાવાદનો હોવાનું ખુલ્યુ, એક ગંભીર રીતે ઘાયલ**

મુંબઈ,તા.૨૦

મુંબઈના કોસ્ટલ રોડ પર રવિવારે સવારે આશરે ૫:૨૦ વાગ્યે ઝડપી ગતિએ દોડતી BMW કાર ફ્લાયઓવર પરથી લગભગ ૭૫ ફૂટ નીચે પટકાતા ત્રણ યુવકોનાં મોત થયા હતા, જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. મ્સ્ઉ મરીન ડ્રાઈવથી હજી અલી તરફ જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વધુ ઝડપના કારણે ચાલકે કાર પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. ત્યારબાદ કાર ડિવાઈડર સાથે અથડાઈને નીચે પટકાઈ હતી. ઘટનાનો CCTV ફૂટેજ પણ સામે આવ્યો છે. મૃતકોની ઓળખ શનાય ગજ્જલ (૨૧), આદિત્ય જકસાનિયા (૧૯) અને ધૈર્ય સેઠ (૧૭) તરીકે થઈ છે. ઘાયલ આદિત્ય ઓસવાલ (૨૩)ને નાયર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ચારેય વિદ્યાર્થીઓ હતા. શનાય અમદાવાદનો રહેવાસી હતો અને મુંબઈમાં પીજીમાં રહેતો હતો. અકસ્માત બાદ પોલીસ, એમ્બ્યુલન્સ અને ફોરેન્સિક ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરી હતી.

# એશિયન ગેમ્સ ૨૦૨૬ : ભારત બાંગ્લાદેશને ૧૧૪ રને હરાવી મહિલા ક્રિકેટની ફાઈનલમાં

નવી દિલ્હી,તા.૨૦

એશિયન ગેમ્સ ૨૦૨૬ ની મહિલા ક્રિકેટની બીજી સેમિફાઈનલમાં ભારતે બાંગ્લાદેશને ૧૧૪ રને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરી ગોલ્ડ અથવા સિલ્વર મેડલ પાકો કર્યો છે. ફાઈનલમાં ભારતનો સામનો શ્રીલંકા સામે થશે.

ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૯૫ રન બનાવ્યા હતા. જેમાં શેફાલી વર્માએ ૪૯ બોલમાં ૯ છગ્ગા અને ૩ ચોગ્ગા સાથે શાનદાર ૧૦૦ રન ફટકાર્યા હતા. તે એશિયન ગેમ્સમાં સદી ફટકારનારી પ્રથમ મહિલા ખેલાડી બની છે. સ્મૃતિ મંધાનાએ ૩૭ અને હરમનપ્રીત કૌરે ૪૦ રન બનાવ્યા હતા. ૧૯૬ રનના લક્ષ્યાંક સામે બાંગ્લાદેશની ટીમ ૧૫.૪ ઓવરમાં ૮૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત વતી નંદિની શર્મા અને દીપ્તી શર્માએ ૩-૩ વિકેટ ઝડપી હતી.

# માર્ગ-મકાન વિભાગની ટેન્ડર પ્રક્રિયાની સમય મર્યાદા નક્કી કરવા સીએમ ભુપેન્દ્ર પટેલનો નિર્ણય

ગાંધીનગર,તા.૨૦



ગુજરાતમાં પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસકાર્યોને વધુ ઝડપી બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગ-મકાન વિભાગની ટેન્ડર મંજૂરી પ્રક્રિયા માટે કડક સમયમર્યાદા નક્કી કરતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અગાઉ ૧૨૦ દિવસ લેતી આ પ્રક્રિયામાં હવે બિનજરૂરી વિલંબ અટકાવી શકાશે. નવા નિયમો મુજબ, જે કામોમાં પૂર્વ પાત્રતા (પ્રી-ક્વોલિફિકેશન) જરૂરી નથી તેવા માત્ર ફાઈનાન્શિયલ બીડ ધરાવતા ટેન્ડરોની પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે ટેક્નિકલ અને ફાઈનાન્શિયલ બંને બીડ ધરાવતા ટેન્ડરોની તમામ ચકાસણી ૬૬ દિવસમાં આટોપવાની રહેશે. ઉપરાંત, ટેન્ડરની વેલિડિટી ૧૨૦ દિવસથી ઘટાડીને ૯૦ દિવસ કરવામાં આવી છે. વાટાઘાટો માત્ર એક જ સ્તરે સક્ષમ સત્તાધિકારી દ્વારા કરી શકાશે. જો નિર્ધારિત સમયમાં દરખાસ્તનો નિકાલ નહીં થાય કે અધૂરી વિગતો રજૂ કરાશે તો જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાશે. આ નિર્ણયથી રસ્તા, પુલ અને સરકારી મકાનોના પ્રોજેક્ટ્સ ઝડપથી શરૂ થશે, જેથી પ્રજાની 'ઈઝ ઓફ લિવિંગ'માં વધારો થશે.

# પૂર્વ સી.એમ. અરવિંદ કેજરીવાલ અને તેમના પરિવારને SIR દ્વારા નોટિસ પાઠવવામાં આવી


નવી દિલ્હી,તા.૨૦

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના પરિવારના પાંચ સભ્યોને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ 'અનમેપ્ડ વિથ લાસ્ટ SIR' શ્રેણીમાં નોટિસ પાઠવવામાં આવી છે.

આ નોટિસમાં તેમની પત્ની સુનિતા, પુત્ર પુલકિત અને માતા-પિતાનો સમાવેશ થાય છે. અગાઉની યાદી સાથે ડિજિટલ ડેટા મેચ ન થવા તેમજ ફોર્મમાં જરૂરી વિગતો અધૂરી હોવાના કારણે ચૂંટણી પંચ દ્વારા આ નોટિસ જારી કરાઈ છે.

૩૦ સપ્ટેમ્બર સુધીમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરી ચકાસણી કરાવવાની રહેશે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે યોગ્ય દસ્તાવેજી પુરાવા મળ્યા બાદ જ આખરી મતદાર યાદી ૪ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

# મુંબઈના લાલબાગમાં ગણપતિ પંડાલ નજીક વીજ કરંટ લાગતા બે નાગરિકોના મોત, અનેક ઈજાગ્રસ્ત




મુંબઈ,તા.૨૦

મુંબઈના લાલબાગ વિસ્તારમાં કાલાચોકીના દત્તારામ લાડ માર્ગ પર આવેલા ગણપતિ પંડાલ નજીક રવિવારે વહેલી સવારે ૨:૨૦ વાગ્યે વીજળીનો કરંટ લાગતા બે લોકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય લોકો ઘાયલ થયા છે. ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભીડ એકઠી થઈ હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ, પોલીસ અને મ્યુનિસિપલ વોર્ડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભાયખલાની મસીના હોસ્પિટલ અને પરેલની ગ્લોબલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મસીના હોસ્પિટલમાં ૮ વર્ષીય રાગિણી ઘનશ્યામ યાદવને મૃત જાહેર કરાઈ હતી, જ્યારે ગ્લોબલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અન્ય એક મહિલાનું પણ મોત થયું હતું. હાલ પોલીસ અને સંબંધિત તંત્ર દ્વારા સમગ્ર ઘટના અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ઉત્તર કોરિયાએ ફરી બેલિસ્ટિક મિસાઈલ દાગી, જાપાન-દક્ષિણ કોરિયામાં ચિંતા



સિયોલ, તા.૨૦

ઉત્તર કોરિયાએ રવિવારે ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કોરિયાઈ દ્વીપકલ્પના પૂર્વમાં સમુદ્ર તરફ એક બેલિસ્ટિક મિસાઈલ દાગી હતી. જાપાનના સંરક્ષણ મંત્રાલય અને દક્ષિણ કોરિયાના સંરક્ષણ દળોના જણાવ્યા મુજબ મિસાઈલ ઉત્તર કોરિયાના વોનસાન વિસ્તારમાંથી છોડવામાં આવી હતી અને જાપાનના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ)ની બહાર જઈને પડી હતી. છેલ્લા એક સપ્તાહમાં ઉત્તર કોરિયાનું આ બીજું મિસાઈલ પરીક્ષણ છે. આ પહેલાં ૧૨ સપ્ટેમ્બરે પણ મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉત્તર કોરિયાનો આ મિસાઈલ પ્રક્ષેપણ અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયા વચ્ચે તાજેતરમાં યોજાયેલી સંયુક્ત નૌકાસૈન્ય કવાયત બાદ થયું છે. આ કવાયત ૨૯ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ગુઆમ નજીક યોજાઈ હતી. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે શુક્રવારે અમેરિકાની આગેવાની હેઠળની સૈન્ય કવાયતને કોરિયાઈ દ્વીપકલ્પમાં તણાવ વધારવા માટે જવાબદાર ગણાવી હતી. તેમણે અણુશસ્ત્રો મજબૂત કરવાની નીતિ ચાલુ રાખવાનો સંકેત આપ્યો હતો.

# કોડીનારના દેવળી ગામે ગણેશ મહોત્સવ અંતર્ગત બે દિવસીય બાળ રમતોત્સવ યોજાયો

કોડીનાર, તા.૨૦



કોડીનાર તાલુકાના દેવળી (દેદાજીની) ગામે ગણેશ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત તા.૧૭ અને ૧૮ સપ્ટેમ્બરના રોજ બે દિવસીય બાળ રમતોત્સવ યોજાયો હતો. બાળકોમાં રમતગમત પ્રત્યે રસ વધે અને પરંપરાગત રમતોને પ્રોત્સાહન મળે તે હેતુથી યોજાયેલા રમતોત્સવમાં લીંબુ-ચમચી દોડ, કોથળા દોડ, ત્રિપગી દોડ, ઝાંપા વિસ્તાર સહિતની રમતો યોજાઈ હતી. બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર બાળકોને પ્રોત્સાહિત કરાયા હતા. ગ્રામજનોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. વિવિધ સમાજના બાળકોએ સાથે ભાગ લેતાં ગ્રામ્ય એકતા, સમરસતા અને સહકારનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# કોડીનારના બિલેશ્વર ખાંડ ઉદ્યોગ રામનગર શાળામાં ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



કોડીનાર, તા.૨૦

બિલેશ્વર ખાંડ ઉદ્યોગ રામનગર પે. સેન્ટર શાળામાં વિકસિત ભારત-૨૦૪૭ અને સેવા અભિયાન-૨૦૨૬ અંતર્ગત ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ધોરણ ૬ થી ૮ ના ૨૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર પ્રદર્શનમાં નારણભાઈ બારડ, માનસિંગભાઈ જાદવ, અમરસિંહભાઈ બારડ, પ્રવીણભાઈ બારડ અને ગિરીશભાઈ સાંખટ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય અભયસિંહભાઈ ડોડીયાએ અભિયાનની માહિતી આપી હતી. મદદનીશ શિક્ષક ભરતભાઈ વાજાએ સંચાલન કર્યું હતું. શિક્ષક પરિવારે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# રાહુલ ગાંધીના મંચ પર વડાપ્રધાનની મિમીક્રી અને વૃદ્ધ મહિલાની મજાક ઉડાવાતા ભાજપ લાલઘૂમ

નવી દિલ્હી,તા.૨૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના એક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મિમીક્રી અને એક વૃદ્ધ મહિલા પર કરવામાં આવેલી ટિપ્પણીને લઈને નવો વિવાદ સર્જાયો છે. કાર્યક્રમમાં મિમીક્રી કલાકારે પીએમ મોદી દ્વારા રેલી દરમિયાન વૃદ્ધ મહિલાને ખુરશી આપવાના પ્રસંગની મજાક ઉડાવી હતી, જેના પર રાહુલ ગાંધી હસતા જોવા મળ્યા હતા.આ વીડિયો વાયરલ થતાં ભાજપે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર તીખા પ્રહારો કર્યા છે. ભાજપ નેતા સી.આર. કેશવન અને કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આ વર્તનને શરમજનક અને સંસ્કારહીન ગણાવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધીએ વડીલો અને નારી શક્તિનું અપમાન કર્યું છે.

ભાજપે ભારપૂર્વક જણાવ્યું કે રાજકીય વિરોધ નીતિઓ આધારિત હોવો જોઈએ, વ્યક્તિગત કે અપમાનજનક હુમલાઓ સંસ્કૃતિહીન રાજકારણ દર્શાવે છે.

# લેઉવા પટેલ પ્રગતિ મંડળ-કેળવણી ધામ સંસ્થાની ૩૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



અમદાવાદ,તા.૨૦

અમદાવાદ ખાતે લેઉવા પટેલ પ્રગતિ મંડળ-કેળવણી ધામ સંસ્થાની ૩૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. નિકોલ ખાતે યોજાયેલી સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબોને મંજૂરી આપવામાં આવી હતી. તેમજ GPSC/UPSC તાલીમ કેન્દ્રનો વાર્ષિક અહેવાલ ડાયરેક્ટર ડી.જી. ઝાલાવાડિયાએ રજૂ કર્યો હતો. અત્યાર સુધીમાં કેળવણી ધામ ખાતે આશરે ૨૮૫૦ વિદ્યાર્થીઓએ GPSC/UPSCની તાલીમ મેળવી સરકારી નોકરી મેળવી હોવાનું જણાવાયું હતું. પ્રમુખ ગગજીભાઈ સુતરિયાએ નિકોલ ખાતે ૬૦ કરોડના ખર્ચે ૧૧૦૦ દીકરીઓની ક્ષમતાવાળી શ્રી ધરમશીભાઈ હરજીભાઈ મોરડીયા કન્યા છાત્રાલય ફેઝ-૨નું નિર્માણ એક વર્ષમાં પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. પ્રોજેક્ટની જવાબદારી શરદભાઈ મોરડીયાને સોંપાઈ છે. સભામાં સ્કીલ ડેવલપમેન્ટ, CED તાલીમ કેન્દ્ર, સમાજસેતુ સલાહ કેન્દ્ર, સમાધાન પંચ અને AI હબ સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી.

# વેરાવળ બંદરના પુલ પર ભારે વાહનો બંધ, કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું




ઉના, તા.૨૦

વેરાવળ બંદરની હદમાં આવેલા રોડ પરના તમામ પુલ જર્જરિત હાલતમાં હોવાથી અકસ્માતની દુર્ઘટના ન બને તે માટે જિલ્લા કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ બંદર વિસ્તારમાં આવેલા તમામ પુલ પરથી ૭૫૦૦ કિલોગ્રામથી વધુ વજન ધરાવતા મધ્યમ તથા ભારે માલવાહક વાહનો, ૧૨થી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતા વાહનો તેમજ વિદ્યાર્થીઓના પરિવહન માટેના શાળાકીય વાહનોના પસાર થવા પર પ્રતિબંધ મૂકાયો છે. આ જાહેરનામું તા.૩૦ જૂન, ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

જોકે પેટ્રોલ, ડીઝલ અને અન્ય પેટ્રોલિયમ પ્રોડક્ટનો પુરવઠો કરતા વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આવા વાહનો પસાર થાય ત્યારે પંપ સંચાલકોએ સુરક્ષા અંગે જરૂરી તકેદારી રાખવાની રહેશે.

# અમરેલી જિલ્લામાં ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશી

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં લાઠી, લીલીયા, સાવરકુંડલા, જાફરાબાદ અને ધારી સહિતના વિવિધ પંથકોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ચોમાસાના અંતિમ તબક્કામાં પાક માટે વરસાદની વધુ જરૂરિયાત હોવાથી ખેડૂતો લાંબા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહ્યા હતા. દરમિયાન જિલ્લામાં પડેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. વરસાદના કારણે ખેતરોમાં પાણીની આવક થતાં પાકને પણ ફાયદો થવાની આશા ખેડૂતોમાં જાગી છે.લાઠી શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો હતો. લાંબા સમય સુધી પડેલા વરસાદને કારણે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. લાઠી તાલુકાના દામનગર, ઠાંસા, દુધાળા અને અકાળા સહિતના ગામડાઓમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પગલે સ્થાનિક નદીઓ અને ચેકડેમોમાં પાણીની આવક થતાં જળસ્તરમાં વધારો થયો હતો. સતત બે દિવસના વરસાદથી પંથકના ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી હતી. સાવરકુંડલા શહેર અને ઘોબા, પીપરડી તેમજ મોટા ભમોદરા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણ બદલાતાં બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. મોટા ભમોદરા ગામ નજીક પાણીના પ્રવાહથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ


તસવીર : સંજય વાળા

વરસાદથી કપાસ અને મગફળીના પાકને ભારે ફાયદો થતાં ખેડૂતોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ છે. લીલીયા પંથકમાં પણ આજે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી. લીલીયાના એકલેરા, નાના રાજકોટ, હાથીગઢ, સાજણટીબા, પીપળવાઘણીયા અને પૂજાપાદર સહિતના ગામોમાં સારો વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ખેતરોમાં પણ પાણીની આવક થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. જાફરાબાદ પંથકમાં વરસાદી ઝાપટાં વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જાફરાબાદ શહેર ઉપરાંત મીતીયાળા, બાબરકોટ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ પડ્યો હતો. અચાનક વરસેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને ખેડૂતોને પણ રાહત મળી હતી.અમરેલી તાલુકાના દેવળીયા સહિતના ગામડાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે સારો વરસાદ વરસ્યો હતો. બીજી તરફ વડિયા શહેર તેમજ આસપાસના ગામડાઓમાં પણ મેઘરાજાએ હાજરી પૂરાવી હતી. ધારીના ફતેગઢ ગામે પણ જોરદાર વરસાદ વરસ્યો હતો. કુંકાવાવ-વડીયાના ગ્રામીણય વિસ્તારમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. જયારે અમરેલી તાલુકામાં એક ઈંચ વરસાદ વરસ્યો હતો. સારા વરસાદથી લોકો અને ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ચોમાસાના અંતિમ તબક્કામાં પડેલા વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે.

**ચોમાસાના અંતિમ તબક્કે વરસાદની જરૂરિયાત વચ્ચે મેઘરાજાની પધરામણી**

## રાજકોટ મનપાના પ્લોટ પર દેશી દારૂના વેચાણ અંગે ભાજપના કોર્પોરેટરનો સણસણતો આક્ષેપ

રાજકોટ,તા.૨૦

રાજકોટ મહાનગરપાલિકા (મનપા)ની જનરલ બોર્ડની બેઠકમાં ભાજપના જ સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય કિશન ટીલવાએ મનપાના ખાલી પ્લોટ પર દેશી દારૂ વેચાતો હોવાનો ગંભીર આક્ષેપ કરતા રાજકારણ ગરમાયું છે. તેમણે જણાવ્યું હતું કે જાહેર માધ્યમો દ્વારા મનપાના પ્લોટમાંથી દારૂની કોથળીઓ તથા વાંધાજનક વસ્તુઓ મળતી હોવાનું ધ્યાન પર આવ્યું છે, જેથી સરકારી જમીનનો ગેરકાયદેસર ઉપયોગ અટકે તે જરૂરી છે.કોંગ્રેસના વિપક્ષી નેતા દીપ્તીબેન સોલંકીએ આ મુદ્દાને સમર્થન આપતા ઉમેર્યું હતું કે પાર્કિંગ માટે ભાડે આપેલી જગ્યાઓ અને ખાલી પ્લોટમાં દારૂ તથા જુગાર જેવી પ્રવૃત્તિઓ થાય છે.આ મામલે મેયરે કિશન ટીલવાને તમામ માહિતી મ્યુનિસિપલ કમિશનરને સોંપવા જણાવ્યું હતું, જેથી તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરી શકાય.

## બગસરામાં સીંગતેલ ભરેલું ટેન્કર પલટી ખાઈ જતા લોકો તેલ લેવા દોડયા

બગસરા,તા.૨૦

બગસરાના હામાપુર રોડ પર તેલ ભરેલું ટેન્કર પલટી ખાઈ જતા આજુબાજુ માંથી લોકો તેલ લેવા દોડી આવ્યા હતા જો કે આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે વધુ તેલ લુટાતું બતાવ્યું હતું. જુનાગઢ થી સીંગતેલનું ટેન્કર પીપાવાવ જવા નીકળ્યું હતું ત્યારે ટેન્કર ચાલકે ટ્રેક્ટરને બચાવવા છતાં


તસવીર : મયુર પંડયા

સ્ટેરીંગ પર કાબુ ગુમાવ્યો હતો જેથી જેથી ટેન્કર પલટી ખાઈ ગયું હતું ટેન્કરમા સીંગતેલ હોવાની જાણ થતા આજુબાજુ માંથી લોકો કેરબા બરણી સહિતના સાધનો લઈ તેલ ભરવા માટે દોડી આવ્યા હતા અને પોલીસ આવે તે પહેલાં અનેક ટન તેલ લુંટાઈ ગયું હતું ડ્રાઈવરના જણાવ્યા મુજબ ટેન્કરમાં ૨૧ ટન કરતાં વધારે તેલનો જથ્થો હતો આ ઘટનાની જાણ બગસરા પોલીસને કરતા બગસરા પોલીસનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તેલ લૂંટતા લોકોને દૂર ખસેડવામાં આવ્યા હતા.

## દીવમાં હોટલના પાર્કિંગમાંથી બંધ કારમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

દીવ,તા.૨૦

દીવના બંદર ચોક વિસ્તારમાં આવેલી રિલેક્સ હોટલના પાર્કિંગમાં લાંબા સમયથી બિનવારસી હાલતમાં પડેલી કારમાંથી એક યુવકનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. સિક્યોરિટીની જાણ બાદ પોલીસે કારના કાચ તોડીને તપાસ કરતા યુવકની લાશ મળી આવી હતી. મળેલા દસ્તાવેજોના આધારે મૃતકની ઓળખ જેતપુરના



નીતિનભાઈ રમેશકુમાર સરધારા તરીકે થઈ છે. સીસીટીવી ફૂટેજમાં યુવક પોતે જ કાર પાર્ક કરતો દેખાય છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મોતનું સાચું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## મહેસાણામાં નાની કડી નજીક નર્મદા કેનાલમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા ચકચાર

મહેસાણા,તા.૨૦

મહેસાણા જિલ્લાના નાની કડી નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.




કેનાલ પાસેથી પસાર થઈ રહેલા રાહદારીઓની નજર પાણીમાં રહેલા મૃતદેહો પર પડતા ઘટના સામે આવી હતી. આ ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે સ્થાનિક લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા અને પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો. સ્થાનિકોમાં ચર્ચાતી વિગતો અનુસાર બંને યુવતીઓના હાથ બાંધેલા હતા,

જોકે આ બાબતે પોલીસ કે સત્તાવાર તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. બંને યુવતીઓની ઓળખ છતી કરવા અને તેમના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજયના ૭૮ લાખથી વધુ બેંક ખાતામાં રૂ. ૨૮૩૭ કરોડ બિનવારસી હોવાના નાણા મંત્રાલયનો ખુલાસો

અમદાવાદ,તા.૨૦

કેન્દ્રીય નાણા મંત્રાલયની ‘આપ કી પુંજી આપ કા અધિકાર’ ઝુંબેશ વચ્ચે પણ ગુજરાતની બેંકોમાં ૭૮.૬૨ લાખથી વધુ ખાતાઓમાં રૂ. ૨,૮૩૭.૮૧ કરોડની રકમ બિનવારસી પડી રહી છે. આ મામલે અમદાવાદ જિલ્લો રૂ. ૪૮૯.૮૫ કરોડ સાથે રાજ્યમાં મોખરે છે. ત્યારબાદ સુરત (રૂ. ૨૯૪.૪૭ કરોડ),



વડોદરા (રૂ. ૨૬૫.૮૭ કરોડ), નવસારી (રૂ. ૧૭૭.૦૪ કરોડ) અને રાજકોટ (રૂ. ૧૩૬.૨૦ કરોડ) નો ક્રમ આવે છે.

ઓગસ્ટ-૨૦૨૨થી જૂન-૨૦૨૫ દરમિયાન તંત્ર દ્વારા ૭૬,૨૬૫ ખાતાધારકોની ઓળખ કરી રૂ. ૨૭.૩૦ કરોડ ચૂકવાયા છે. જૂની સરકારી યોજનાઓના બંધ ખાતા અને સંકલનના અભાવને કારણે આ રકમ વધી હોવાનું જણાયું છે. રિઝર્વ બેંક (RBI) અને સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીએ તમામ બેંકોને યોગ્ય વારસદારો સુધી રકમ પહોંચાડવા સૂચના આપી છે.

## ખાનગીમાં રૂ.૭,૦૦૦માં મળતી લેપ્રસી વેક્સિન હવે અમદાવાદ સિવિલમાં મફત મળશે

અમદાવાદ,તા.૨૦

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સ્કીન ડિપાર્ટમેન્ટના પ્રોફેસર ડો. રીમા જોશીના ૧.૫ વર્ષના સતત સંશોધન અને પ્રયાસો બાદ સરકારી ગ્રાન્ટ મંજૂર થતાં મોટી સફળતા મળી છે. ખાનગી હોસ્પિટલોમાં રૂ. ૭,૦૦૦માં મળતી લેપ્રસી (રક્તપિત્ત) ની વેક્સિન હવે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવશે.




દવાઓ સાથે વેક્સિન મળવાથી દર્દીઓ ઝડપથી સાજા થશે. ગુજરાત સહિત રાજસ્થાન, એમ.પી. અને યુ.પી.થી આવતા હજારો ગરીબ દર્દીઓ માટે આ નિર્ણય સંજીવની સમાન સાબિત થશે, જે વર્ષ ૨૦૨૭ સુધીમાં દેશમાંથી લેપ્રસી નાબૂદ કરવાના લક્ષ્યાંકમાં મહત્વનો ભાગ ભજવશે.

## લીંબડીમાં ૫૬ તોલા સોનાના બિસ્કિટની ચોરીનો ભેદ ઉકેલાયો, પોલીસે ઘરમાં જ કામ કરતા ત્રણ કર્મીઓને ઝડપ્યા

સુરેન્દ્રનગર,તા.૨૦

લીંબડીની રામદર્શન સોસાયટીમાં મકાનમાંથી ૫૬ તોલા (૬૦૦ ગ્રામ) સોનાના બિસ્કિટની ચોરી થઈ હતી. ચોરી બાદ મકાનમાલિકે પોલીસને બદલે ભુવાનો સંપર્ક કર્યો હતો. ભુવાએ બે મહિનામાં સોનું પાછું આવી જવાનો દાવો કર્યો હતો, પરંતુ સોનું ન મળતાં અંતે પરિવારે પોલીસનો સંપર્ક કર્યો હતો.

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે તપાસ હાથ ધરી ઘરમાં જ કામ કરતા ત્રણ કર્મચારીઓની ધરપકડ કરી છે. પોલીસે રૂ. ૮૩.૫૮ લાખનું સોનું, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૮૫.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સોનું ખરીદનાર વેપારી સામે પણ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજયમાં આજથી ‘પોલીસ’ લખેલી અને બ્લેક ફિલ્મવાળી ગાડીઓ પર કાર્યવાહી

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગરમાં લૉ એન્ડ ઓર્ડર IGP મકરંદ ચૌહાણે કાળા કાચ અને નંબર પ્લેટ વગરની કારમાં ફરતા પોલીસ ઈન્સ્પેક્ટરને પકડ્યા બાદ પોલીસ તંત્રમાં ખળભળાટ મચ્યો છે.

ઘટનાના પગલે રાજ્યભરમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ટ્રાફિક નિયમોના પાલન માટે ૨૧ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર સુધી ૧૫ દિવસની સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે. આ દરમિયાન પોલીસ કર્મચારીઓના વાહનોમાં લગાવેલી બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વગરના વાહનો તેમજ ‘P’, ‘Police’ અથવા અન્ય અનધિકૃત લોગો સામે કાર્યવાહી કરવામાં આવશે. લૉ એન્ડ ઓર્ડર IGP દ્વારા તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે. નિયમોનું પાલન પોલીસ કર્મચારીઓ પણ કરે તે માટે આ ઝુંબેશ હાથ ધરાશે.

બ્લેક ફિલ્મનું ગેરકાયદેસર વેચાણ કરતા ગેરેજ, સર્વિસ સેન્ટર અને કાર એક્સેસરીઝની દુકાનો સામે પણ કાર્યવાહી કરાશે.




## રાજકોટ આજીડેમ પોલીસ ચોકીના લાંચિયા ASI અને GRD ઝડપાયા

રાજકોટ,તા.૨૦

રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ASI અને GRDને રૂ.૧૦,૦૦૦ની લાંચ લેતા ACBએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. મારામારીના કેસમાં સંડોવાયેલા આરોપીને લોકઅપમાં નહીં રાખવા અને વહેલી તકે જામીનની કાર્યવાહી કરવા બદલ તપાસના કામે ASI રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સામતભાઈ મેર દ્વારા રૂ.૧૦,૦૦૦ની લાંચની માંગણી કરવામાં આવી હતી. આ





લાંચની રકમ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા GRD મનોજભાઈ બાબુભાઈ ચૌહાણને આપવા જણાવાયું હતું. ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે ACBના ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACBની ટીમે છટકું ગોઠવ્યું હતું. આજરોજ લાંચની રકમ સ્વીકારતા બંનેને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. સમગ્ર મામલે ACB દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

